
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


| | | |
|---|---|---|
| ૧ નેમી નમન. ( કાવ્ય. ) ... | ( હરિલાલ જગજીવન શાહ. ) ... | ૨૯૫ |
| ૨ સત્યજ્ઞાનનું રહસ્ય. ... ... ... | ( અનુવાદ ) ... | ૨૯૬ |
| ૩ ગામડું અને શહેર. ... | ( રાજપાળ મગનલાલ વ્હોરા. ) ... | ૨૯૮ |
| ૬ મારવાડની યાત્રા. ... ... | ( મુનિ૦ શ્રી ન્યાયવિજયજી ) | ૩૦૩ |
| ૭ પાંચ સકાર. ... ... | ( વિઠ્ઠલદાસ મૂ. શાહ ) ... | ૩૦૯ |
| ૬ વર્તમાન સમાચાર. ... ... ... ... ... | | ૩૧૪ |
| ૯ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... | | ૩૧૭ |


## શ્રી બૃહતકલ્પસૂત્ર બીજો ભાગ.

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત. )

અતિમાન્ય આ છેદસૂત્રનો બીજો ભાગ પ્રાચીન ભંડારોની અનેક-લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ સાક્ષરવર્યો મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

પ્રથમ ભાગ કરતાં બાર ફોર્મનો વધારો થતાં ઘણોજ મોટો ગ્રંથ થયેલ છે અને તે સુંદર બ્લુ ઉંચા ટકાઉ કાગળ ઉપર, સુંદર શાસ્ત્રી અક્ષરોમાં, શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી છપાવેલ છે. સુશોભિત મજબુત કપડાનું બાઇંડીંગ કરાવ્યું છે. આવું પ્રાચીન સાહિત્ય સુંદર રીતે પદ્ધતિસરનું પ્રકાશન ફક્ત આ સભા જ કરે છે. જૈન જૈનેતર વિદ્વાનો અને હિંદની કોલેજના પ્રોફેસરો, પાશ્ચિમાત્ય અનેક વિદ્વાનો મુક્તકંઠે પ્રશંસા કરે છે. કિંમત રૂા. ૬-૦-૦ લેવામાં આવશે. ( પોસ્ટેજ જુદું ):

## અર્ધી કિંમતે.

શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિના શુભ પ્રસંગે સં. ૧૯૯૨ ના ચૈત્ર શુદી ૧ થી બાર માસ માટે શ્રી આત્મારામજી મહારાજકૃત નીચેના પુસ્તકો અર્ધી કિંમતે આપવામાં આવશે ( સીલીકમાં હશે ત્યાં સુધી ).

| | મૂળ કિંમત. | અર્ધી કિંમત. |
|---|---|---|
| તત્ત્વનિર્ણયપ્રાસાદ. | ૧૦-૦-૦ | ૫-૦-૦ |
| જૈનધર્મવિષયક પ્રશ્નોત્તર. | ૦-૮-૦ | ૦-૪-૦ |
| આત્મવલ્લભ સ્તવનાવળી. | ૦-૬-૦ | ૦-૩-૦ |

લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ૩૩–૩૪ મા વર્ષની ભેટ.

અમારા માનવંતા ગ્રાહકોને આ વખતે નીચે મુજબના ત્રણ ગ્રંથો ભેટ આપવાના છે.

૧ **નવ સ્મરણાદિસ્તોત્રસંદોહઃ**—જેમાં નવ સ્મરણો ઉપરાંત બીજા ૧૦ પ્રાચીન સ્તોત્રો, રત્નાકર પચ્ચીશી તથા બે યંત્રો આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. જે ઉંચા કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં શાસ્ત્રી ટાઇપથી તદ્દન શુદ્ધ રીતે શ્રી **મહાવીરસ્વામી**, શ્રી **ગૌતમસ્વામી**, પ્રાતઃસ્મરણીય શ્રી **વિજયાનંદસૂરીશ્વરીજી** અને શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** આદિ ચાર સુંદર છબીઓ આપી સુંદર બાઈડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે.

૨ **શ્રી બ્રહ્મચર્ય–ચારિત્રપદ, શ્રી પંચપરમેષ્ઠી તથા શ્રી પંચ-તીર્થની પૂજા** ( આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીકૃત ) નો સંગ્રહ સુંદર કાગળ, અક્ષરોથી છપાવી સુશોભિત બાઈડીંગ અને બંને ગુરૂ મહારાજાઓના સુંદર ફોટાથી અલંકૃત કરવામાં આવેલ છે.

૩ **શ્રી શત્રુંજયતીર્થ ( વર્તમાન ) ઉદ્ધારનું વર્ણન** ( ઐતિહાસિક દ્દષ્ટિએ ) યાને **કર્માશાહ ચરિત્ર**. સુંદર શૈલી અને આધાર સાથે તેમજ શ્રી **શત્રુંજયતીર્થ** અને પ્રવર્ત્તકજી મહારાજ શ્રી **કાન્તિવિજયજી** મહારાજની દર્શનીય છબીઓ સાથે આપી સુંદર રીતે છપાવવામાં આવેલ છે. સાથે શ્રી વીરવિજયજી મહારાજકૃત શ્રી **નવાણું પ્રકારની પૂજા પણ** પ્રકટ કરવામાં આવેલ છે.

આ ત્રણે બુકો ખાસ પ્રાતઃકાળમાં સ્મરણ કરવા યોગ્ય અને દેવભક્તિ માટે અતિ ઉપયોગી છે. આગલા બધા વર્ષો કરતાં આ વખતે આ ભેટની બુકો સર્વ કોઇ તેનો આત્મકલ્યાણ માટે ઉપયોગ કરી શકે અને નિરંતર તેનો ઉપયોગી થઇ પડે તેવી છે. અમો માનીએ છીએ કે અમારા માનવંતા ગ્રાહકો પણ સ્વીકારી ખુશી થશે જ.

પુસ્તક ૩૩–૩૪ના બે વર્ષના લવાજમના રૂા. ૨–૮–૦ અને વી. પી. ખર્ચના રૂા. ૦–૬–૦ મળી કુલ રૂા. ૨–૧૪–૦ નું અશાડ વદિ ૫ ના રોજથી ભેટના ઉપરના ત્રણ પુસ્તકો સાથે વી૦ પી૦ કરવામાં આવશે.

અમોને રૂા. ૨–૧૧–૦નું મનીઓર્ડર કરનાર ગ્રાહકોને વી૦ પી૦ નહી કરતાં બુક પોસ્ટથી મોકલવામાં આવતાં ગ્રાહકોને વી.પી.ના ખર્ચનો બચાવ થશે. વી૦ પી૦ નહિં સ્વીકાર બંધુઓએ અમોને તુરતજ લખી જણાવવું જેથી સભાને જ્ઞાનખાતાને નુકશાન તથા પોસ્ટખાતાને ખાલી મહેનત ન થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી આત્માનંદ પ્રકાશના ૩૩ મા વર્ષની

# વાર્ષિક અનુક્રમણિકા.

અંક ૧ થી ૧૨


| નં. | વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ | શ્રીમાન્ હેમચંદ્રાચાર્યવિરચિત વીતરાગ સ્તવ-સ્તુતિ (કાવ્ય.) | ડૉ. ભગવાનદાસ મનઃસુખલાલ. | ૧, ૩૧, ૫૬, ૭૯, ૧૦૩, ૧૨૭, ૧૫૩, ૧૮૭, ૨૧૨. |
| ૨ | નૂતન વર્ષનું મંગળમય વિધાન. | માસિક કમીટી | ૩. |
| ૩ | શ્રવણુ અને સંસ્મરણુ. | રા. સુશીલ. | ૯, ૨૭૫. |
| ૪ | જૈન સાહિત્યનો પ્રભાવ. | ... | ૧૦. |
| ૫ | આધ્યાત્મિક જીવન-આધ્યાત્મિકતા શું છે? | અનુ૦અભ્યાસી. | ૧૨, ૫૦. |
| ૬ | સિદ્ધ હેમચંદ્ર વ્યાકરણનો રચના સંવત્. | મુનિ શ્રી હિમાંશુવિજયજી મહારાજ. | ૧૬, ૩૪. |
| ૭ | મહાન્ તસ્કરો ( ચાર કષાય ). | રા. રાજપાળ મગનલાલ વોરા | ૨૧, ૪૬, ૭૧. ૯૩. |
| ૮ | ધ્યાન. | રા. ચોકસી. | ૨૮. |
| ૯ | વર્તમાન સમાચાર. | | ૩૦, ૭૮, ૧૦૨, ૧૨૬, ૧૫૨, ૧૮૪, ૨૦૯, ૨૯૩, ૩૧૪. |
| ૧૦ | સ્વીકાર અને સમાલોચના. | | ૩૦, ૫૪, ૭૬, ૧૦૦, ૧૨૫, ૧૫૧, ૧૮૪, ૨૯૩, ૩૧૭. |
| ૧૧ | આ સભાની વર્તમાન સ્થિતિ. સં. ૧૯૯૦ | | ... |
| ૧૨ | પ્રતિબિંબ. | રા. સુશીલ. | ૪૨, ૬૬, ૮૯, ૧૦૯, ૧૭૭, ૧૯૪. |
| ૧૩ | વીરવંદન ( કાવ્ય ) | શાહ હરિલાલ જગજીવનદાસ. | ૫૫. |
| ૧૪ | સત્ય જ્ઞાનનું રહસ્ય. | | ૫૯, ૮૩, ૧૦૫, ૧૩૦, ૧૯૧, ૨૧૯, ૨૫૦, ૨૭૨, ૨૯૬. |
| ૧૫ | દાન. | રા. ચોકસી. | ૬૩. |
| ૧૬ | સેવાધર્મ. | અનુ૦અભ્યાસી. | ૭૩. |
| ૧૭ | શ્રી અરિહંત દેવનું સ્મરણુ ( કાવ્ય ). | મુનિરાજ શ્રી બાલચંદ્રજી. | ૮૨. |
| ૧૮ | એક સન્તના અમૃત વચન. | અભ્યાસી. | ૮૫. |
| ૧૯ | રત્ન કર્ણિકાઓ. | વેલજી લાલજી વોરા. | ૮૮. |
| ૨૦ | શ્રી આત્મારામજી શતાબ્દિ | રા. ચોકસી. | ૯૯. |
| ૨૧ | સુધારો. | | ૧૦૧, ૧૫૨, ૩૧૬. |
| ૨૨ | જીવનચરિત્ર માટે અભિપ્રાય | | ૧૦૧. |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





૨૩ માનવ જીવનની વિશાળતા. અભ્યાસી. ૧૧૨.
૨૪ સંઘાડામાં...ઐક્ય. રા. ચોકસી. ૧૧૫.
૨૫ શ્રી આત્મારામજી શતાબ્દિ અને મુંબઈની જૈન સમાજ. રાજપાળ મગનલાલ વોરા. ૧૧૮.
૨૬ વૈશાલી–લિચ્છવીઓની રાજધાની. રા. સુશીલ. ૧૨૧, ૧૩૩.
૨૭ વિવિધ–વિચારશ્રેણી. રાજપાળ મગનલાલ વોરા. ૧૪૦.
૨૮ આત્મકલ્યાણના સાધન. વિઠ્ઠલદાસ. મૂ. શાહ. બી. એ. ૧૪૨.
૨૯ શ્રી આત્મારામજી શતાબ્દિ લેખમાળા. રા. ચોકસી. ૧૪૬.
૩૦ શ્રી આત્મારામજી મહારાજની શતાબ્દિ. મુનિશ્રી ચરણવિજયજી મહારાજ. ૧૪૭.
૩૧ ભાવનગરમાં જૈનોને અંગે શું શું છે ? તે માટે કંઇક ખુલાસો (ચર્ચાપત્ર). ૧૫૦.
૩૨ શ્રી આત્મારામજી મહારાજઃ એક પ્રેરક બળ. રા. ચોકસી ૧૫૬.
૩૩ પરમાત્મ સ્મરણ કેમ કરવું ? રાજપાળ મગનલાલ વ્હોરા. ૧૫૯.
૩૪ જ્ઞાનાવરણીય કર્મનો આશ્રવ શાથી થાય ? વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી. ૧૬૨.
૩૫ શ્રી ચિદાનંદજીકૃત હિતશિક્ષા અંતર્ગત ( કાવ્ય ). શ્રી કર્પૂરવિજયજી મહારાજ. ૧૬૪
૩૬ પ્રાચીન પુસ્તકો અને પુસ્તકાલયો. મુનિ શ્રી હિમાંશુવિજયજી. ન્યાય કાવ્યતીર્થ. ૧૬૫.
૩૭ આચાર્ય દેવનું સ્તુતિકાવ્ય. દેવેન્દ્રકુમાર. ૧૭૨.
૩૮ સુખની શોધમાં. વિઠ્ઠલદાસ. મૂ. શાહ. બી. એ. ૧૭૩
૩૯ યુગપ્રભાવક મહર્ષિની જન્મ શતાબ્દિને જૈન સમાજનું કર્તવ્ય. મુનિ શ્રી ચરણવિજયજી મહારાજ. ૧૮૦.
૪૦ શ્રી અરિહંત દેવની આરતિ ( કાવ્ય ). મુનિરાજ શ્રી બાલચંદ્રજી. ૧૮૫.
૪૧ શ્રી અરિહંત દેવનો મંગળ દીવો ( કાવ્ય ). ,, ૧૮૬.
૪૨ શ્રી ઉત્તરાધ્યાય સૂત્રનો સદ્બોધ. સ. શ્રી કર્પૂરવિજયજી મહારાજ. ૧૯૯.
૪૩ શ્રી આત્મારામજી મહારાજની જન્મ શતાબ્દિ વિરોધીઓને પડકાર શ્રી ચરણવિજયજી મહારાજ. ૨૦૧.
૪૪ પાંચ સકાર. વિઠ્ઠલદાસ મૂ. શાહ. ૨૦૪, ૨૫૫, ૨૮૭, ૩૦૯.
૪૫ અમર શ્રી આત્મારામજી. જેચંદ કાળીદાસ મહેતા. ૨૧૧.
૪૬ શ્રીમાન્ સોમસુંદરસૂરિરાજકૃત સંવિજ્ઞ સાધુ યોગ્ય કુલક મધ્યેના નિયમો. શ્રી કર્પૂરવિજયજી મહારાજ. ૨૧૫.
૪૭ શ્રી વીર–વિહાર મીમાંસા. આ શ્રી વિજયેન્દ્રસૂરિજી મહારાજ. ૨૨૧, ૨૬૧.
૪૮ પરમપૂજ્ય શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજની જન્મ શતાબ્દિ. ૨૨૭.
૪૯ પ્રાર્થના ( કાવ્ય ). બાબુલાલ શાહ. ૨૪૭.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૫૦ પંચ મહાવ્રત તથા તેમની ભાવના. | શ્રી કર્પૂરવિજયજી મહારાજ. | ૨૪૯. |
| ૫૧ જૈન ચિત્રકળા પ્રદર્શન. | રા. ચોકસી. | ૨૫૨. |
| ૫૨ ગામડું અને શહેર. | રાજપાળ મગનલાલ વ્હોરા. | ૨૫૯, ૨૯૮. |
| ૫૩ જૈન તત્ત્વસાર. | સ. ક. વિ. મહારાજ. | ૨૬૮. |
| ૫૪ આ માસમાં થયેલા નવા આચાર્ય મહારાજો. | | ૨૭૦. |
| ૫૫ શાન્તિ–સ્તવન ( કાવ્ય ). | બાબુલાલ પાનાચંદ શાહ. | ૨૭૧. |
| ૫૬ સુભાષિત પદ સંગ્રહ. | શ્રી કર્પૂરવિજયજી મહારાજ. | ૨૭૮. |
| ૫૭ શ્રી આત્મારામજી મહારાજની કેટલીક વિશિષ્ટતાઓ. | રાજપાળ મગનલાલ વ્હોરા. | ૨૭૯. |
| ૫૮ મારવાડ યાત્રા. | મુનિ શ્રી ન્યાયવિજયજી. | ૨૮૨, ૩૦૩. |
| ૫૯ શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરનો રિપોર્ટ સં. ૧૯૯૧. (૧૧મા અંકમાં પાછળ). | | |
| ૬૦ શ્રી નેમિનમન. (કાવ્ય). | | ૨૯૫. |
| ૬૧ શ્રી જૈન યુવક સંઘ બીજી પરિષદ્ ( અમદાવાદ ) | | ૩૧૪. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ.

ઉપરોક્ત માસિક સભા તરફથી ચોત્રીશ વર્ષથી પ્રકટ થાય છે. તેમાં ધાર્મિક, અતિહાસિક, સામાજીક અને નૈતિક ઉપરાંત સ્ત્રી કેળવણી અને વિદ્યાર્થી વિભાગ વાંચનના લેખો પણ આવે છે, કે જેથી સ્ત્રી જાતિનું ગૌરવ તેમનું માતા તરીકેનું સ્થાન અને બાળકોને ઉત્તમ સંસ્કાર કેમ આપી શકાય ? તે તથા સમાજની ભાવિ ઉન્નતિમાં સ્ત્રીઓ અને વિદ્યાર્થીઓ કેમ આદર્શ બને તે માટે ઉત્તમ લેખો આપવામાં આવે છે. જેથી વાંચન માટે સમાજની રૂચી વધતા તે માટે અનેક પ્રશંસાના પત્રો આવેલ છે. મંગાવી ખાત્રી કરો !

વાર્ષિક લવાજમ રૂા. ૧-૪-૦ વાર્ષિક ભેટનું સુંદર દળદાર પુસ્તક તથા પંચાંગ ભેટ આપવામાં આવે છે.

લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

नमो विशुद्धधर्माय, स्वरूपपरिपूर्तये ।
नमो विकारविस्तार–गोचरातीतमूर्तये ॥ १ ॥

" સંપૂર્ણ જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ વિશુદ્ધ ધર્મવાળા, સ્વસ્વરૂપની પૂર્ણતાને પામેલા અને વિકારોના સમૂહનો પાર પામેલા–એવા જે કોઈ મહાત્મા હોય તેને નમસ્કાર હો. "

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३३ } वीर सं. २४६२. आषाड, आत्म सं. ४१. { अंक १२ मो.

## નેમી નમન

( રાગ–પ્રભુ જેવો હતો તેવો ફરી. )

પ્રભુ શ્રી નેમીજિનવરકો, હમારા કોટી વંદન હો.

સમુદ્રવિજય કે સુત હો, શીવાદેવીજીકે નંદન;
શ્રી રાજીમતીજી કે ભરથાર, તુમકો કોટી વંદન હો. પ્રભુ૦ ૧

પરણવા કાજ તુમ ગયા, રાજુલ દેવીજીકે તોરણ;
તહાં સુણી પશુ પોકાર, વાપસ આપ તો વળીયા. પ્રભુ૦ ૨

ધારણ કરી દીક્ષા સંજમની, ગયા રૈવતગિરિ ઉપર;
સહેસાવન મેં [illegible], શ્રી જિનવર પામ્યા કેવળજ્ઞાન. પ્રભુ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

## (જૈન દૃષ્ટિએ)

ગતાંક પૃષ્ઠ ૨૭૪ થી શરૂ.

જડવાદીથી આત્મસાક્ષાત્કાર શક્ય નથી. આત્મસાક્ષાત્કાર આત્માના જ્ઞાનયુક્ત ખરા અધ્યાત્મવાદીઓથી જ શક્ય છે. સત્યના ઉજ્જવળ અને ઉન્નત પ્રકાશથી આત્મજ્ઞાનીઓની નિરંતર ઉન્નતિ થયા કરે છે. જડવાદીઓ આશંકા અને અનિશ્ચિતતાનાં અશુદ્ધ વાતાવરણમાં નિશદિન પરિભ્રમણ કરે છે. આથી તેમની આધ્યાત્મિક ઉન્નતિ સંભાવ્ય નથી. 'જીવન એ પરમાત્મા છે,' 'આત્મા એ પરમાત્મા છે.' એ સૂત્રો ખરા અધ્યાત્મવાદીઓ સદૈવ દૃષ્ટિ સમીપ રાખે છે. આ મહાન્ સૂત્રોનું યથાયોગ્ય આચરણ એ અધ્યાત્મવાદીઓનું પરમ ધ્યેય બને છે. સત્ય દેવત્વ–પરમ દેવત્વ એ ખરા આત્મજ્ઞાનીઓનો પરમ આદર્શ હોય છે. એ આદર્શની સિદ્ધિ એ જ તેમની જીવન–લાલસા અને એ જ તેમનો મોક્ષમંત્ર હોય છે. અધિક શું?

સૃષ્ટિવિષયક વિવિધ સિદ્ધાન્તોનું આપણે હવે વિહંગાવલોકન કરીએ. નીચેના તુલનાત્મક કોષ્ટકથી દરેક સિદ્ધાન્તના ગુણદોષ, વસ્તુસ્થિતિ આદિનું નિદર્શન સરલતાથી થઇ શકે છેઃ—

### अ—એકેશ્વરવાદી (બ્રહ્મવાદી / અધ્યાત્મવાદી) ઓનો સિદ્ધાન્ત.

| આદિ કારણ | સૃષ્ટિ–ઉત્પત્તિનું સ્વરૂપ. |
|---|---|
| ઈશ્વર | ભૌતિક વિશ્વની પ્રભુ–આજ્ઞાથી ઉત્પત્તિ અથવા તો શૂન્યમાંથી સૃષ્ટિનું સર્જન. |

ભોગવી દશસો (હજાર) વર્ષનું જીવન, તુમે પરણ્યા શ્રી શિવરમણી;
થયા આ જ ચોવીશીમાં, બાવીશમા આપ તીર્થંકર. પ્રભુ૦ ૪

જુનાગઢી લાલ હરિ ગાવે, શ્રી સંઘના દુઃખ સબ કાપો;
સેવતાં તુમકુ શ્રી જિનવરજી, અમોને શિવસુખ આપો. પ્રભુ૦ ૫

શાહ હરીલાલ જગજીવનદાસ—જુનાગઢ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ख—હિન્દુ ધર્મનું મંતવ્ય.

| આદિ કારણ | સૃષ્ટિ-ઉત્પત્તિનું સ્વરૂપ. |
|---|---|
| ઈશ્વર | કરોળીયાની જાળ માફક સૃષ્ટિની ઉત્પત્તિ અને અંતીમ વિલય. |

## क—નાસ્તિકો ( જડવાદીઓ )નો સિદ્ધાન્ત.

| કારણો | સૃષ્ટિ-ઉત્પત્તિનું સ્વરૂપ |
|---|---|
| ( ૧ ) અચેતન દ્રવ્ય.<br>( ૨ ) નૈસર્ગિક બળો. | શૂન્યમાંથી સૃષ્ટિ-ઉત્પત્તિની માફક અચેતન દ્રવ્યમાંથી ચેતનાનો કાલાંતરે વિકાસ અને પ્રાદુર્ભાવ. |

## ड—વૈદિક મંતવ્ય.

| કારણ | સૃષ્ટિ-ઉત્પત્તિનું સ્વરૂપ. |
|---|---|
| સચ્ચિદાનંદ ( ચેતના ) | માયા-શક્તિથી સૃષ્ટિની ઉત્પત્તિ અને પરિણામે સ્વપ્નવત્ અસ્તિત્વ. |

શૂન્યમાંથી કંઇ પણ વસ્તુ ઉત્પન્ન થઇ શકે એ સિદ્ધાન્ત હજારો ઘટનાઓના દિનપ્રતિદિન થતા અનુભવ ઉપરથી પણ અસત્ય ભાસે છે. પ્રથમ સિદ્ધાન્ત આ રીતે સાવ ખોટો ઠરે છે.

બીજા સિદ્ધાન્તથી દ્રષ્ટા અને દૃશ્ય વસ્તુઓનો અનંત દ્વૈતવાદ પરિણમે છે. એ સિદ્ધાન્તથી આશંકાઓની પરંપરા જાગે છે અને એ રીતે એ દોષપૂર્ણ છે.

જડવાદીઓનાં મંતવ્યમાં વસ્તુઓના વિષયાશ્રિત પક્ષનું જ નિરૂપણ થયેલું હોવાથી એ સિદ્ધાન્ત પણ નિરૂપયોગી છે. અદ્વૈતમતવાદની નિરર્થકતાના સંબંધમાં વિસ્તૃત સમીક્ષા થઇ ગયાથી અત્રે તે સંબંધી કંઇ પણ વિશેષ વિવેચન કરવું એ સર્વથા અયુક્ત છે.

કેટલાક પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનીઓ વિશ્વને ચેતન-અચેતનરૂપ ગણી પોતે અદ્વૈતમતવાદી હોવાનો દાવો કરે છે. આ કહેવાતા અદ્વૈતમતવાદીઓનું મંતવ્ય દોષપૂર્ણ છે. એ મંતવ્યમાં તેમને કોઇપણ પ્રકારની સંસિદ્ધિ પ્રાપ્ત થાય એવો સંભવ નથી દીસતો. સંસિદ્ધિને બદલે નિષ્ફળતા પ્રાપ્ત થાય એવું આ મંતવ્ય હોય એમ નિર્દિષ્ટ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગામડું અને શહેર

(ગતાંક ૧૦ માંના પૃષ્ઠ ૨૬૧થી શરૂ)

**પાણી.**

જીવનમાં બીજે નંબરે જરૂરીયાતની વસ્તુ પાણી છે. અનાજ વિના તો દિવસો જ નહીં પણ મહિનાઓ પણ નીકળી શકે છે, એ આપણી તપસ્યાઓથી સુવિદિત જ છે; પરંતુ પાણી વિના થોડા દિવસો નીકળવા પણ મુશ્કેલ થઈ

---

બકર્લીના મત મુજબ વિશ્વવ્યાપી ચિત્તનાં અસ્તિત્વનો સ્વીકાર એ એક પ્રકારના સંભ્રમરૂપ છે. વિશ્વવ્યાપી ચિત્ત એ ચેતનાની એક દશા જ હોય. આથી તેનું સ્વાયત્ત અને સત્ય અસ્તિત્વ સંભવી ન શકે.

આ આખાયે પ્રકરણનો સાર એ છે કેઃ—ચેતના એ સત્ય વસ્તુ છે. તેની નિષ્પત્તિ ભૌતિક દ્રવ્યમાંથી નથી થતી. ભૌતિક દ્રવ્યનો ચેતના ઉપર નિર્બંધ નથી ચાલતો અર્થાત્ ચેતના એ રીતે સ્વાધીન છે. ચેતના અનાદિ અને શાશ્વત્ છે. વિશ્વ પણ શાશ્વત્ છે. વિશ્વનાં ભૌતિક સ્વરૂપોમાં વિકાસ અને પરિવર્તન થયાં કરે છે. ભૌતિક દ્રવ્ય અનાદ્યનન્ત છે. તેની ઉત્પત્તિ થતી નથી. વિકાસવાદયુક્ત જડવાદનો સિદ્ધાન્ત દોષપૂર્ણ, એકપક્ષી અને મહત્ત્વ રહિત છે. આત્માના અસ્તિત્વની ઉપેક્ષા, વસ્તુઓનું વિષયાશ્રિત દૃષ્ટિએ નિરીક્ષણ અને ચેતનાનું અપમાન એ ત્રણ દૃષ્ટિએ વિચારતાં જડવાદની દોષપૂર્ણતા આદિ પ્રતીત થઇ શકે છે. જડવાદ અચેતન દ્રવ્યમાંથી ચેતનાની ઉત્પત્તિ માનીને ચેતનાનું ઘોર અપમાન કરે છે. એકેશ્વરવાદીઓને પરમાત્માના સંબંધમાં યથાર્થ ખ્યાલ નથી, તેઓ સૃષ્ટિની ઉત્પત્તિ માને છે અને શૂન્યમાંથી વસ્તુ—સર્જનની શકયતાનો સ્વીકાર પણ કરે છે. એકેશ્વરવાદીઓનું એક પણ દૃષ્ટિબિન્દુ સાચું ઠરી શકતું નથી. આ રીતે શૂન્યવાદીઓનું મંતવ્ય ઉપહાસયુક્ત બની જાય છે. ધર્મનું યથાર્થ જ્ઞાન થતાં, ધર્મ અને વિજ્ઞાન વચ્ચે કોઈ પણ પ્રકારનું સંઘર્ષણ શકય નથી. ધર્મનું જ્ઞાન વિજ્ઞાનના સુયોગથી વિશ્વને પરમ સુખદાયી અને કલ્યાણકારી થઇ પડે છે. ધર્મ અને વિજ્ઞાનનાં સુમીલનથી હજારો જીવોની ઉન્નતિ થાય છે. વિશ્વ પરમ પ્રગતિને પંથે સંચરે છે.

ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડે છે. જીવનમાં એટલી બધી જરૂરની વસ્તુ સ્વચ્છ મળે તેવો પ્રયાસ કરવો જ જોઈએ.

ગામડામાં જ્યાં નદીનો સુયોગ હોય ત્યાંના લોકોને નદીનું ખળખળ વહેતું ચોકખું પાણી મળી શકે છે. ઊનાળાના દિવસોમાં નદીના જળ સૂકાઈ જાય તો પણ નાના વીરડાઓ ગાળવાથી પાણી સુલભતાથી પ્રાપ્ત થાય છે. અને તે પાણી પણ ખૂબ હળવું અને જમીનના પડમાંથી ગળાઈને આવતું હોવાથી અતિ શુદ્ધ હોય છે. જ્યાં નદી નથી હોતી ત્યાં સરોવર અને કુવાઓનું શુદ્ધ જળ લોકોને મળી રહે છે; જ્યારે શહેરમાં તો કેવળ નળદ્વારા આવતું પાણી જ મળે અને તે પણ પરિમિત.

**પ્રકાશ.**

ગામડાનાં રહેવાના ઘરો છૂટાછૂટા હોય છે, તેમજ ઘરની મોઢા આગળ ખુલ્લું ચોગાન—ચોક યાને ફળીયું હોય છે. તેથી સૂર્યપ્રકાશ સારા પ્રમાણમાં લોકોને મળી શકે છે; જ્યારે શહેરોમાં મોટા મોટા બંગલાઓના કારણથી સૂર્યપ્રકાશ જોઇએ તેટલા પ્રમાણમાં મળી શકતો નથી. જ્યાં પ્રકાશનો અભાવ છે ત્યાં અનેક જાતના મલીન અને રોગોત્પાદક જંતુઓની ઉત્પત્તિ થાય છે અને તેથી લોકોની તંદુરસ્તીને હાનિ પહોંચે છે. મતલબ કે શહેરોને મુકાબલે ગામડાઓમાં પ્રકાશ વિશેષ મળતો હોઈ, ગ્રામ્યજનોની તંદુરસ્તી સારી રહેવામાં તે પણ એક સબળ કારણ છે.

**શાન્તિ.**

શહેરના ઘોંઘાટમય વાતાવરણમાંથી કોઈ માણસ અચાનક જો ગામડામાં જઇ ચડે તો ત્યાં તેને નિરવ શાન્તિનો અનુભવ થશે. શહેરોમાં જેટલો યંત્રયુગ વ્યાપેલ છે તેટલો યંત્રયુગ હજુ ગામડામાં નથી પ્રવેશ્યો એ સૌભાગ્યની વાત છે. એ યંત્રો પણ જાણે પોતાનો વિજય—ધ્વનિ સૂચવતા ન હોય તેમ મોટી ચીસો પાડતા હોય છે. તેમજ મોટરો, ઘોડાગાડીઓ અને મનુષ્યોના સતત આવ-જાના પગરવથી શહેરના રસ્તાઓ અને નાની ગલ્લીઓ સુદ્ધાં ખૂબ અશાન્તિથી વ્યાપ્ત હોય છે; જ્યારે ગામડામાં તેવી અશાન્તિ પ્રાયઃ અશકય જ હોય છે. મનુષ્યના શરીરને નહીં તો મગજને તો આ સર્વ અશાન્તિ ખૂબ જ નુકશાન કરે છે. અને જે સુંદર કામ મગજ કરી શકતું હોય તેમાં આવી અશાન્તિ અવરોધ કરે છે, તેથીજ તો યોગીપુરૂષો ગામો કે શહેરોમાં રહેવાને બદલે જંગલોમાં, પહાડોમાં અને તેથી પણ આગળ વધીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્જન ગુફાઓમાં રહેતા હતા કે જ્યાં મનુષ્યોના કે પશુ–પંખીઓના પણ દર્શન દુર્લભ હોય છે. પછી અશાન્તિની તો વાત જ કયાંથી હોય ?

અન્ય દર્શનના સાધુ–બાવા–યોગીઓ વિગેરે જંગલમાં રહેતા એમ નહીં પરંતુ જૈન શ્રમણવર્ગ–નિર્ગ્રંથ મુનિજનો પણ એક કાળે શહેરથી બ્હાર જ રહેતા હતા, એમ એમના વર્ણનોમાંથી જોઇ શકાય છે. અર્થાત્–જ્યાં તે પ્રકારનું વર્ણન આવે છે ત્યાં તે મહામુનિ શહેર બ્હારના અમુક ઉદ્યાનમાં ઉતર્યા હતા, આમ જોવામાં આવે છે. આથી જાણી શકાય છે કે માનસિક પ્રફુલ્લિતતા માટે શાન્તિદેવીની ખૂબ જ જરૂર હોય છે. તેવી શાન્તિ શહેરોમાં પ્રાયઃ ગોતી પણ જડે તેમ નથી. જ્યારે શહેરના મુકાબલે ગામડાઓમાં અવશ્ય શાન્તિદેવીનું સવિશેષ સામ્રાજ્ય પ્રવર્તતું હોય છે.

### શૌચશુદ્ધિ.

ગામડામાં વસનાર કે જે ખુલ્લી અને સ્વચ્છ જગ્યામાં શૌચ જવા માટે ટેવાયેલ હોય છે તેને શહેરના દુર્ગંધથી વ્યાપ્ત એવા સંડાસોમાં જ્યારે શૌચ અર્થે જવું પડે છે ત્યારે જ શહેરી વાતાવરણનો ખરો ખ્યાલ તેને આવી શકે છે. શહેરોમાં ઘરની જોડે જ સંડાસો હોય છે. છેલ્લી ઢબના અને આરીસા જેવી સ્વચ્છ ટાઇલ્સ લગાવેલા તેમજ સાંકળ ખેંચતા પાણીથી સ્વચ્છ થનાર સંડાસો તો ક્વચિત જ હોય છે. બાકી તો મોટે ભાગે દુર્ગંધ મારતા જાજરૂ વિશેષ પ્રમાણમાં હોય છે. આથી આજુબાજુમાં હવાદ્વારા ગંદકીના રજકણો સર્વત્ર ફેલાય છે અને મેલેરીયા આદિ રોગોનાં રૂપમાં તે પરિણમે છે. વળી જાજરૂ બરાબર સ્વચ્છ ન હોવાના કારણથી ઘણાઓને સંપૂર્ણ શૌચશુદ્ધિ પણ નથી થતી, જ્યારે ગામડાઓમાં બ્હારના ભાગમાં–ખુલ્લી જગ્યામાં શૌચ માટે જવાનું બનતું હોવાથી બધી રીતે અનુકૂળતા જળવાય છે અને સવારમાં ચાલવાનો લાભ મળે છે. ખુલ્લી હવાનો પણ અનાયાસે લાભ સંપ્રાપ્ત થાય છે. આ પ્રમાણે હોવાથી ગ્રામ્યજનોનું આરોગ્ય સારી રીતે જળવાઈ રહે તેમાં શું આશ્ચર્ય ?

### આહારશુદ્ધિ.

શહેરોમાં હોટેલોનું પ્રમાણ એટલું બધું વધી ગયું છે કે ભાગ્યેજ કોઇ નાની ગલ્લી પણ તેનાથી બાદ રહી હશે. આથી લોકોને ઘરના ખાણાની પરવા રહેતી નથી. બે–ચાર ભાઈબંધ–દોસ્તદારો જો ભેળા થઇ ગયા તો અન્યોન્યના સ્વાગતાર્થે હોટેલમાં જવાનું વિચારે છે. ત્યાં ચાહ, કોફી આદ ગરમ પીણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સોડા, લેમન, સરબત આદિ ઠંડા પ્રવાહી પીણાઓ તેમજ સ્વાદને વશ થઈને અન્ય ખાણું પણ લેવાય છે. ત્યાં કમાવાની દૃષ્ટિ પ્રધાન હોવાથી પ્રાયઃ દરેક વસ્તુઓ હલકા પ્રકારની હોય તે સ્વાભાવિક છે. વળી ગૃહિણી જેટલી સંભાળથી અને પ્રેમથી ખાદ્ય વસ્તુઓ બનાવે તેટલી સંભાળની આશા હોટેલ-વાળા પાસેથી કેવી રીતે રખાય? આથી જ તો છાપાઓમાં ઘણીએ વાર વાંચ-વામાં આવે છે કે અમુક સ્થાને બજારૂ તૈયાર દૂધપાક જેવી વસ્તુઓ ખાધી અને તેમાં સર્પાદિક કે ગીરોડી જેવાનું ઝેર પડવાથી ખાનારાઓનું મૃત્યુ થયું. આટલું જાણવા છતાં પણ શહેરીબાવાઓ આંખ આડા કાન કરીને હોટેલ અને લૅાજ વિગેરેનો આશ્રય લેતા સંકોચાતા નથી. જ્યારે ગામડામાં તેવી સ્થિતિ નથી પ્રવર્તતી એ આનંદજનક છે. આથી આરોગ્ય, ધર્મ અને પૈસા આદિ સર્વનો બચાવ થાય છે. આ રીતે આહારશુદ્ધિમાં પણ શહેર કરતાં ગામડું આગળ આવશે એ નિઃસંશય છે.

## નૈતિક જીવનશુદ્ધિ.

એ તો વિના સંકોચે કહી શકાય તેમ છે કે નીતિના સર્વમાન્ય નિય-મોનું જેટલું વધુ પાલન ગ્રામિણ જનતા કરે છે—જેટલે અંશે નીતિ ગામડામાં વિશેષ પળાય છે તેના અર્ધ ભાગે પણ શહેરમાં તે ધોરણ જળવાતું નથી. શહેરોમાં વિલાસી વાતાવરણની છોળો ઉડતી હોય છે. ચોમેર દૃષ્ટિપાત કરીએ તો કૃત્રિમતા અને વિલાસનું એક છત્ર સામ્રાજ્ય પ્રવર્તતું હોય તેમ જણાશે. સીનેમાગૃહો, નાટ્યગૃહો, વેશ્યાલયો, હોટેલો ઇત્યાદિ ઠેર ઠેર દૃષ્ટિને આક-ર્ષતા હોય છે. આવા વાતાવરણમાં કોરા કાગળ જેવું સાફ હૃદય લઈને આવ-નાર ગ્રામિણજન પણ આ રંગબેરંગી વાતાવરણમાં ઝડપાયા સિવાય રહી શકતો નથી. એમાં સંસર્ગ દોષ મુખ્યતયા ભાગ ભજવે છે. સીનેમાગૃહોમાં બતાવવામાં આવતી બધી જ ફીલ્મો બિભત્સ અને ખરાબ હોય છે એમ તો ન કહી શકાય, પરંતુ તેમાં કંઈ ને કંઈ અનિષ્ટ તત્ત્વ તો આવ્યા વગર નથી જ રહી શકતું. મનુષ્ય સ્વભાવ પણ અનિષ્ટ તત્ત્વને જલ્દી ગ્રહણ કરી લે છે. એટલે તેની થવી જોઇતી અસરમાંથી સામાન્ય મનુષ્ય મુક્ત રહી શકતો નથી, જ્યારે ગામડામાં આવું કશું નહીં હોવાથી નૈતિક જીવન સુંદર હોય છે.

## ભ્રાતૃભાવ.

ગ્રામ્ય જીવનમાં જે સુંદર ભ્રાતૃભાવના આપણને દર્શન થાય છે તેવો ભાઈચારો શહેરમાં પ્રાયઃ અશક્ય હોય છે. ગામડામાં કોઈ બિમાર હોય તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તુરત બધા એકત્ર થઇ જાય છે અને જાતમહેનતદ્વારા બનતી બધી સારવારમાં સૌનો હિસ્સો હોય છે. તે સિવાય સારા અથવા માઠા પ્રસંગે કે આપત્તિના વખતે ગ્રામ્યજનોનો સહકાર મૂર્તસ્વરૂપ ધારણ કરે છે અર્થાત્–હાથોહાથ મીલાવી બની શકે તેટલી રીતે ઉપયોગી થઇ પડે છે. જ્યારે શહેરના ધમાલમય વાતાવરણમાં તેમ બની શકતું નથી.

**સાદાઈ અને અલ્પ ખર્ચ.**

શહેરી જનતા જેટલી બહારથી ભપકાબંધ હોય છે તેટલા જ ગ્રામ્યજનો સાદા હોય છે અને તેથી ખર્ચની દૃષ્ટિએ સાદાઇમાં કરકસરના ઉમદા સિદ્ધાંતનું પાલન થાય છે. વળી શહેરોમાં રહેવાના મકાનના ભાડા આદિ ખૂબ મોટા હોવાથી તેમજ બીજાં પણ દેખાદેખીએ થતા વ્યર્થ ખર્ચના મુકાબલે ગામડામાં ખર્ચ ઓછો હોય છે. "ખર્ચ ઘટે તો પાપ ઘટે." એ સૂત્ર સમજવા લાયક છે અને તેનું પાલન ગ્રામ્ય જનતામાં ઠીક પ્રમાણમાં જોઇ શકાય છે.

**જગ્યાની પહોળાશ.**

શહેરોમાં રહેવાના ઘરો ખૂબ સાંકડા હોય છે. ત્યાં પછી ઘરની આગળ ફળીયા( આંગણા )ની તો આશા જ કયાંથી રાખી શકાય ? મુંબઈ જેવા મોટા શહેરોમાં તો મકાનને માળા કહે છે તે ખરેખર યોગ્ય છે અર્થાત્ જેમ ઝાડ પર પક્ષીઓના માળા હોય છે તેવાજ આ મનુષ્યોને રહેવાના માળા હોય છે. સામાન્ય સ્થિતિના મનુષ્યને એક નાનકડી રૂમમાં રહેવાનું રાંધવાનું અને સૂવાનું હોય છે–આ ઓછું મુશ્કેલીભરેલું છે ? આને મુકાબલે ગામડામાં જગ્યાની ખૂબ પહોળાશ હોય છે. રહેવાના ઘરો–ઓરડાં–ઓશરી–રસોડું ઇત્યાદિ સહિતના મોટા હોવા ઉપરાંત ઘરની મોઢા આગળ વિશાળ ચોક હોય છે. આથી સૂર્યપ્રકાશ–હવા–ઉજાસ ઇત્યાદિ સારી રીતે ગ્રામ્યજનોને મળી રહે છે. એ ઉપરાંત ગાય, ભેંસ આદિ ઢોર રાખવા હોય તો પણ જગ્યાની પહોળાશને લીધે તેમ પણ બની શકે છે.

**સશક્ત સ્ત્રીઓ.**

સશક્ત બદનવાળી બ્હેનો જો જોવી હોય તો તે ગામડામાં જ જોવામાં આવશે, કેમકે શારીરિક શ્રમ ગામડામાં પૂરતા પ્રમાણમાં મળતો હોઇને નિરોગી અને ઘાટ્ટા બદન સારી રહે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મારવાડ યાત્રા

## મારવાડના જૈનોનું સામાજિક જીવન.

લે૦ મુનિ૦ શ્રી ન્યાયવિજયજી.

મારવાડની અંદર આલેશાન જિનમંદિરો વિપુલ સંખ્યામાં ઉપલબ્ધ થાય છે, એ એક વિશિષ્ટતા છે. મોટાં શિખરબંધી, બાવન જિનાલયનાં ભવ્ય મંદિરો સામાન્યતઃ તીર્થ જેવાં જ ભાસે છે. ગુજરાત–કાઠિયાવાડમાં આવાં મોટાં મંદિરો બહુ થોડી સંખ્યામાં જોવાય છે. મારવાડની તીર્થભૂમિઓ એટલે કાંઇ તીર્થંકર પ્રભુનાં કલ્યાણક સ્થાનો નથી કિન્તુ શાંત અને પવિત્ર વાતાવરણ, મન–વચન અને કાયાને શુદ્ધ, પવિત્ર, શાંત અને વૈરાગ્યવાસિત બનાવે તેવાં સ્થાનો. હૃદયનો ઉલ્લાસ વધે–જે જોતાં ઊર્મિઓ સ્વતઃ જાગૃત થાય અને માનસિક વિકારો નષ્ટપ્રાયઃ બની મન એકાગ્ર બને તેવાં મંદિરો તીર્થરૂપે મનાયાં છે. **तारयतीति तीर्थः** આ વ્યાખ્યા આ સ્થાનોમાં બરાબર લાગુ પડે છે, એટલે જ અમે પણ યાત્રા કરી.

**અજારી:—**

અહીં એક સુન્દર બાવન જિનાલયનું મન્દિર છે. પ્રાચીન સમયનું મન્દિર છે તેમજ મન્દિરજીની પ્રદક્ષિણામાં વચ્ચેના મંદિરમાં એક ભગવતી

---

સવારમાં દળવાનું હોય, ત્યારપછી નદી કુવા કે તળાવેથી પાણી લાવવાનું હોય, ઘેર દુઝાણું હોય તો વલોણું વલોવવાનું હોય, આ સર્વ કાર્યોની અંતર્ગત સુંદર કસરત સ્વાભાવિક રીતે જ રહેલી છે. પછી ગ્રામીણ માતા બ્હેનોનું શરીર નિરોગી અને સશક્ત હોય તેમાં શું નવાઇ ? જ્યારે પ્રતિપક્ષે શહેરોમાં તેવું કશું શારીરિક શ્રમનું કામ ન હોવાથી ઘરમાં ડૉકટરને ત્યાંથી રંગબેરંગી મીશ્રણ લાવવાનું ચાલુ જ હોય છે. આમ શહેર અને ગામડાની સંસ્કૃતિ પરસ્પરથી લગભગ વિપરીત જેવી છે.

શાંત, સંતોષી, સાદું અને આરોગ્યમય જીવન ગુજારવા ઇચ્છનારે ગ્રામ્ય જીવન ગાળવું જોઇએ.

રાજપાલ મગનલાલ વ્હોરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરસ્વતી દેવીની મનોહર મૂર્તિ છે. ચતુર્હસ્તા મૂર્તિ છે. જમણા હાથમાં નીચે માળા અને ઉપર પુસ્તક છે. ડાબા હાથમાં ઉપર ચક્ર-(કમળ) જેવું છે અને નીચે વરદાન આપવાનો ભાવ છે. મૂર્તિ ઉપર લેખ પણ છે. સંવત્ ૧૨૬૯[1] માં શાન્તિસૂરિજીએ આ સરસ્વતીની મૂર્તિની પ્રતિષ્ઠા કરી છે. આ સિવાય ગામમાં જિનમંદિરમાં ૧૦૯૨, ૧૧૬૯, ૧૨૦૦, ૧૨૪૩-૧૪૪૫ આદિ સમયના સાંડેરકગચ્છ, નાણકીયગચ્છ આદિના લેખો છે જે ગચ્છોના ઇતિહાસમાં સુંદર [2]પ્રકાશ પાડે તેવા છે.

એક તો ૧૨૪૩ ની જિનપ્રતિમા સાધ્વી સુલસાગણિની, કમલશ્રી, અભયશ્રી, મલયશ્રી આદિના ઉપદેશથી બનેલી છે અને જેની પ્રતિષ્ઠા શ્રી શાન્તિસૂરિજીએ કરેલી છે. બન્ને બાજુ ઉપદેષ્ટા સાધ્વીની મૂર્તિ પણ છે. આ પ્રમાણે શિલાલેખ છે, તેમ જ મન્દિરજીની બહાર ગોખલામાં શ્રી મહેન્દ્રસૂરિજીની ભવ્ય પ્રતિમા છે.

તેમાં વચમાં મહેન્દ્રસૂરિજી છે, બન્ને પડખે શ્રાવક, શ્રાવિકા છે, નીચે સ્થાપનાજી છે અને તેની પાસે તદ્દન નાની મૂર્તિ શાન્તિસૂરિજીની છે. છ પંક્તિનો લેખ પણ છે. સંવત્ ૧૨૦૦ માં મહેન્દ્રસૂરિજીની પ્રતિમાની સ્થાપના શાન્તિસૂરિજીએ કરી એવો ભાવ છે. જમણા ખભા ઉપર કપડાની સ્પષ્ટ આકૃતિ છે. પ્રવચન મુદ્રાએ મૂર્તિ બનાવી છે. ડાબા હાથમાં પાટી-પુસ્તક છે જેમાં ॥૯૦॥ **धम्मोमंगलमुक्किट्ठं** " કોરેલું છે. જમણા હાથમાં મુહપત્તિ છે. પ્રતિમા સુંદર છે.

---

૧ અજારી ગામ બહાર ના થી ાા માઇલ દૂર મહાકુન્ડેશ્વર-માર્કન્ડેશ્વર મહાદેવના મન્દિર પછવાડે પણ સરસ્વતીની સુન્દર મૂર્તિ છે. આ સ્થાન પણ ઘણું પ્રાચીન છે. અહીં સરસ્વતીને બે હાથ છે. લેખ નથી. મારા મત મુજબ તો ગામના જિનમંદિરમાં બિરાજમાન સરસ્વતીની પ્રતિમા પ્રાચીન લાગે છે. અહીં આબુના પ્રસિદ્ધ યોગિરાજ શ્રી શાન્તિસૂરિજી મળ્યા. ખૂબ જ આનંદમાં ત્યાં આઠ દિવસ રહ્યા અને તેમની સાથે મળ્યા. તેઓના જ અતીવ આગ્રહથી, પ્રેમથી જ આટલા દિવસો ત્યાં રહેવું પડ્યું. તેઓ ત્યાંની મિયાણા, ભિલ, રાજપુત તથા અન્ય શુદ્ર જાતિને મદિરા, માંસ શિકાર, હિંસા છોડાવે છે. રાજા મહારાજા અને યુરોપિયનો તથા અનેક અજૈનોને પણ ઉપદેશ આપી હિંસા બંધ કરાવવા બનતું કરે છે, એ જોઈ બહુ જ આનંદ થયો છે.

૨ આ સ્થાનોના મૂલ લેખો જોવા ઇચ્છનાર મહાનુભાવોએ " જૈન સત્ય પ્રકાશ " માસિક જોવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં નાણકીયગચ્છના આચાર્યોની પરંપરા મળે છે. મહેન્દ્રસૂરિજી અને શાંતિસૂરિજી નાણકીયગચ્છના જ છે. એમનો ઇતિહાસ–જીવનપરિચય મને મળ્યો નથી. કોઇ મહાનુભાવ જણાવશે તો ઉપકાર થશે. અહીંથી અમે **વસન્તગઢ** ગયા.

**વસન્તગઢનો** કિલ્લો સિરોહી સ્ટેટમાં બહુ જ પ્રસિદ્ધ હતો. અજારીથી પૂર્વે અને દક્ષિણની વચમાં અગ્નિ ખૂણમાં ત્રણેક માઇલ દૂર આ સ્થાન આવેલું છે. અહીં બહુ જ અલ્પ પ્રમાણમાં યાત્રાળુઓ આવે છે. અહીં નથી શહેર કે વસ્તી, નથી મંદિર કે નથી તીર્થ. ભયંકર પહાડીમાં એકાકી વસ્તી વિનાનું આ સ્થાન આજે વસન્તગઢ તરીકે ઓળખાય છે. એક સમય એ હતો કે વસન્તગઢ રાજધાનીનું શહેર હતું, જેના કિલ્લા ઉપર વિજયપતાકા ફરકતી. અનેક શ્રીમન્તો અને કુબેર ભંડારીઓ આ કિલ્લામાં વસતા. જ્યાં હાથી અને ઘોડા બંધાતા ત્યાં આજે સારૂં મેદાન પડયું છે. ચોતરફ ઉંચા પહાડો, તેના ઉપર કિલ્લો અને વચમાં વસન્તગઢના ખંડેરો પડ્યાં છે.

ત્યાં એક જિનમંદિર છે અમારે એનાં દર્શન કરવા જવાનું હતું; પરન્તુ સાથે મિયાણાની–ભિલની ચોકી જોઇએ. શ્રીમાન્ વિજયશાન્તિસૂરિજીએ ત્યાંના એક પરિચિત શ્રાવકને ભલામણ કરેલી કે એક ભોમિયો માણસ તેમને આપજો જેથી તે બધુ બતાવે. એ મરૂદેશીય શ્રાવકે જો હુકમ હજુર કહી એ વાત સ્વીકારેલી, પરન્તુ મારવાડમાં હુકમ, જો હુકમ, અને બડો હુકમ વાતવાતમાં ચાલ્યા જ કરે; કામ થોડું જ થાય. એ જો હુકમ કહેનાર મહાનુભાવ પણ પૂજારીને જઇને કહી આવ્યા. પૂજારીએ માળીને કહ્યું અને માળી ભૂલી ગયો. સવારના અમે તો તૈયાર થયા, ગામ બહાર નીકળ્યા પણ પેલો ભોમિયો જ ન મળે. શોધાશોધ અને દોડાદોડ શરૂ થઇ. વસન્તગઢ એકલા જવાની કોઇ હિમ્મત ન ભીડે. એક મીયાણો આવ્યો પણ છેલ્લે સમયે કહે કે હું તો અર્ધેથી પાછો વળું. કહ્યું કાંઇ કારણ, એ કહે ત્યાં મોટા ધાડપાડુ લુટારૂ રહે છે. પહેરેલાં કપડાં સુદ્ધાં ખુંચવી લ્યે છે. એક શ્રાવકે કહ્યું મહારાજ સાથે છે કાંઇ વાંધો નહિં આવે અને તું ચાલ. એ મીયાણો કાંઇ કાચો ન હતો. એણે કહ્યું મહારાજના કપડાંયે ખુંચવી લેશે માટે હું ઠેઠ કિલ્લામાં તો ન જ આવું. જે જોવાનું હતું એ કિલ્લામાં જ હતું. એક કલાક અમે ગામ બહાર ખોટી થયા. એકાદ બે શ્રાવકો કે જેમણે સોનાના બટન અને ચાઇના સિલ્કના કોટ પહેર્યા હતા એ તો ડરના માર્યા રોકાઇ જ ગયા. અમને પણ ના પાડનારે તો ના પાડી. મહારાજ રહેવા દોને ત્યાં શું જોશો? પણ અમે એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાના માનીએ? અમને લેશ માત્ર ડર ન હતો. અન્તે વિના માણુસે, વિના ભોમીયે અમે સાધુઓ અને થોડા શ્રાવકો હિમ્મત કરીને આગળ વધ્યા. રસ્તામાં ડુંગરાળ પ્રદેશમાં ગરીબ ખેતી કરનારા ભિલ, મિયાણા મળી જતા તેને રસ્તો પૂછી લેતા. પછી ત્યાંથી બે માઇલ ગયા પછી એક નાનું ગામડું આવ્યું. ત્યાંથી રસ્તાનો ને સ્થાનોનો પૂરો ભોમીયો એક હજામ મળ્યો તેને સાથે લીધો.

દૂરથી પહાડ કિલ્લો દેખાતો હતો. અમે પહાડ વટાવી અન્દર ગયા. ત્યાં એક વાવની નજીકમાં જૈન મંદિરનું ખંડિયેર જોયું. ત્યાંથી આગળ એક ટેકરા ઉપર અત્યારે અજૈન મંદિર કહેવાય છે પણ અસલમાં જૈન મંદિર હશે. એ સ્થાન જોયું. ત્યાં એથીયે આગળ એક ખાલી જિનમંદિર જોયું પણ આ મંદિરને સુધરાવી એક અજૈન દેવ–કોઈ જૈનશાસન રક્ષકદેવની મૂતિ બેસારવાની છે એ જોઈ–અમને બ્રહ્મશાન્તિની એ મૂર્તિ છે એમ લાગ્યું. ત્યાંથી આગળ એક જૈનમંદિર ખંડિએર હાલતમાં જોયું. મંદિર સુન્દર છે પરન્તુ વડના ઝાડે આખા મંદિરને દબાવી દીધું છે. મન્દિર બેસી ગયું છે અને બાકીનો ભાગ ઝાડથી પૂરાઈ ગયો છે. ઝાડથી મંદિરને કેવું ભયંકર નુકશાન થાય છે તે અમે જોયું. મન્દિરમાં અન્દર તો જવાયું જ નહિં. ત્યાંથી આગળ ચાલતાં ઘીની વાવ, તેલની વાવ, કુવો કે જે અત્યારે ખાલી છે પરન્તુ વસન્તગઢના ભૂતકાલીન ગૌરવવન્તા સમયમાં અહીં ઘી ને તેલ ભર્યાં રહેતાં માટે અહીં ઘીની અને તેલની વાવ કહેવાય છે.

ત્યાંથી આગળ વધતાં એક સુન્દર ધ્વસ્ત જિનમંદિર આવ્યું. અન્દર ત્રણ મોટાં મન્દિર છે–ગભારા છે. વચમાં મૂલમન્દિરમાં ગભારા બહાર એક સુન્દર જિનપ્રતિમા બિરાજમાન છે. કમનસીબે કોઈ દુર્બુદ્ધિએ આ સુન્દર ભવ્ય પ્રતિમાનું મસ્તક જ ખંડિત કરી નાંખ્યું છે. માત્ર ધડ જ બાકી હતું. છતાંય પ્રતિમાજી અલૌકિક અને ભવ્ય હતી. પ્રતિમાજીમાં અમે એક ચમત્કાર જોયો. પ્રતિમાને સ્પર્શ કરતાં સુન્દર રણકાર સંભળાતો. લગાર જોરથી ટકોરા મારવાથી જાણે રૂપાની ઘંટડી વાગી એવો મધુર અવાજ સંભળાતો. અમારી સાથે આવેલા એકાદ બે ભાઇઓએ પૈસો કાઢી ધીમેથી ટકોર માર્યો કે વળી બહુ જ સુન્દર અવાજ સંભળાયો. બધાંને આશ્ચર્ય થયું. એક બે ઝવેરી હતા એ તો પરીક્ષા કરવા જ બેઠા પણ ન માલૂમ પડયું કે આ મૂર્તિમાં એવું શું રહસ્ય હતું કે જેથી ટકોરા મારવાથી અવાજ સંભળાતો. આ મૂર્તિ ખંડિત થવામાં આ રણકાર અસાધારણ કારણ હશે. એ અવાજ સાંભળી કોઈ ધનના લાલચુએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માન્યું હશે કે પ્રતિમાજી વચ્ચેથી પોલાં હશે, તેમાં હીરા, મોતી, સોનું ભર્યું હશે જેથી આ અવાજ થાય છે. એટલે એ ધનલોલુપીએ પ્રતિમાજીનું મસ્તક છેદી નાખ્યું હશે પણ તેને તો અન્તે હાથ જ ઘસવા પડયા હશે. ધન તો ના મળ્યું અને વધારામાં જિનમૂર્તિની આશાતનાનું ભયંકર પાપ વ્હોરી ગયો હશે. અમને એમ લાગ્યું કે પ્રતિમાજી બનાવવામાં કોઈ એવો સુંદર અને કિંમતી પથ્થર વપરાયો છે જેથી એ પ્રતિમાજીને સ્હેજ ટકોર કરવાથી પણ રૂપાની ઘંટડી જેવો મધુર નાદ સંભળાય છે.

પ્રતિમાજી નીચે લેખ છે જેમાં

**सं. १५०७ वर्षे माघशुदि ५ बुधे राणा श्री कुंभकर्णराज्ये वसंतपुरचैत्ये श्रीमुनिसुन्दरसूरि श्रीजयचन्द्रसूरिपट्टप्रतिष्ठित...**
**प्रागवाट्व्यवहारि ....**
**शान्तिनाथबिंबं**

અર્થાત્ ૧૫૦૭ માં મેવાડના રાણા કુંભાના રાજ્યસમયમાં વસન્તપુરના જિનમન્દિરમાં શ્રી મુનિસુન્દરસૂરિજીના[1] શિષ્ય જયચન્દ્રસૂરિજીના શિષ્યે પ્રતિષ્ઠા કરી છે. ગૃહસ્થનું નામ અને પ્રતિષ્ઠાપક આચાર્યનું નામ નથી વંચાતું.

આ સિવાયના બાજુના બન્ને ગભારા તદ્દન ખાલી છે. ભીંત ઉપર જિનપ્રતિમાઓ કોરેલી છે. તેમજ એક બાજુ કમલાસના સરસ્વતી છે, બે હાથવાળી છે અને વીણા–ધારિણી છે.

બાકી પ્રતિમાજીનો એ મધુરો સુરીલો મીઠો નાદ–રણકાર આજેય હૃદયપટમાં ગુંજે છે. નજરે દેખાય છે. ત્યાંથી આગળ વધ્યા. બધે ખંડિત મકાનોના ટિંબા પડ્યા છે. આ મન્દિરનો જીર્ણોદ્ધાર થવાનો હતો, થોડું કામ શરૂ પણ થયું હતું પરન્તુ હમણાં કામ બંધ છે. અહીંથી ઘણી પ્રતિમાઓ પિંડવાડા, અજારી, બામણવાડા આદિમાં ગયેલી છે. અલ્લાઉદ્દીન ખૂનીના સમયમાં સૌથી પ્રથમ આ કિલ્લો તૂટયો. પછી તો અકબરના સમયે સમૂળ વિનાશ પામ્યો. આ સ્થાન પહેલાં મેવાડના રાજાઓના કબ્જામાં હતું. છેલ્લે ઔરંગજેબના સમયમાં તો આ નગરનાં રહ્યાંસહ્યાં અવશેષો પણ વિનાશ પામ્યાં.

૧ અધ્યાત્મ કલ્પદ્રુમના કર્તા સહસ્ત્રાવધાની મુનિસુન્દર સૂરિજીનો વિશેષ પરિચય માટે મોતીચન્દભાઇ કૃત અધ્યાત્મકલ્પદ્રુમની પ્રસ્તાવના પરિચય વાંચો. આચાર્યશ્રીએ ગુર્વાવલી ઐતિહાસિક સુન્દર ગ્રન્થ બનાવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહાડમાં કિલ્લા ઉપર પાછળ એક મોટું વિશાળ તળાવ છે. અહીં લુંટારૂઓ પડ્યા રહેતા હશે. આખા ગઢમાં ગમે ત્યાં છુપાઈ જાય તો પત્તો ન લાગે તેવું છે. બાકી અમે ગયા ત્યારે અમે તો કશુંય ભય જેવું ન જોયું. ત્યાં નહોતા લુંટારૂં કે ધાડપાડુ, ત્યાં ન્હોતાં ભયંકર હિંસક પ્રાણીઓ કે ન્હોતા ક્રૂર પશુપક્ષીઓ. હા, સ્થાન જરૂર બિહામણું લાગે. કાચોપોચો કે એકલો માણુસ જતાં ડરે; બાકી બે-ચાર માણુસો હોય તો કાંઈ જ ડર જેવું નથી. અમને તો વિનાકારણ મિયાણે બીવડાવ્યા હતા.

ત્યાંથી દોઢ માઇલ દૂર સવાલીગામ છે. ત્યાં પણ એક ખાલી દવસ્ત જિનમન્દિર જોયું. અહીં મન્દિરની દુર્દશા જોઇ બહુ જ દુઃખ થયું. અન્દર ઘાસ ભરાયું છે, છાણાં થપાયાં છે અને પુષ્કળ કચરો ભર્યો છે. અહીંના ઠાકોરે આ બધું ભર્યું છે. ઠાકોરને મકાનની તંગી હશે જેથી જૈનોના મન્દિરમાં ઘાસ, પુળા, છાણાં અને કચરો ભરાવ્યો હશે. નાના નાના ઠાકોર અને જાગીરદારો એવા તો તુમાખી, આપખૂદ અને જુલમી હોય છે કે તેઓ બીજાનું સાંભળતા જ નથી.

જિનમન્દિરની પાસે જ એક ઠાકોરજીનું મંદિર છે. અહીં ખૂબી એ છે કે ઠાકોરજીના મસ્તક ઉપર વીતરાગની મૂર્તિ છે. પહેલાં અમને ભ્રમ થયો હતો કે કદાચ બ્રહ્મશાન્તિની મૂર્તિ હોય પરન્તુ બરાબર તપાસતાં લાગ્યું કે વિષ્ણુ કૃષ્ણુની મર્તિ છે અને મસ્તક ઉપર ત્રિલોકનાથ જિનેશ્વર ભગવાનની મૂર્તિ છે. ત્યાંથી ખરા મધ્યાન્હે તપતા અમે પુનઃ અજારી ગામમાં આવ્યા.

વસન્તગઢ ઘણું જ પ્રાચીન અને પુરાણું સ્થાન છે. ત્યાં જૈન ધર્મની જાહોજલાલી ઘણી જ સારી હતી અને આજે પણ પાંચ-સાત મન્દિરોનાં ખંડિયેર પડયા છે. આગળના સમયમાં તે નગર ઘણું વિશાલ અને મોટું હતું. સવાલી, અજારી આદિ એમાં સમાઇ જતાં. અમે એ પવિત્ર સ્થાનોનાં દર્શન કરી પિંડવાડા ગયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાંચ સકાર.

અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૨૯૨ થી શરૂ.

અનુ—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ.

હવે સેવા કરનાર માટે ટુંકામાં કેટલીક આવશ્યક વાતો સાર રૂપે લખવામાં આવે છે જે યાદ રાખવાથી સેવા સુંદર, સફળ અને કલ્યાણકારી થઈ શકે છે.

આખું જગત ભગવાન સ્વરૂપ છે અને આપણે આપણા પોતાના વિહિત કર્મોદ્વારા ભગવાનની સેવા કરી શકીએ છીએ અને તે આપણે જરૂર કરવી જોઇએ.

જ્યાં જેને જે વસ્તુની જરૂર હોય ત્યાં તેને તે વસ્તુ પોતાની પાસે હોય તો કોઇપણ પ્રત્યુપકારની ઇચ્છા વગર આનન્દપૂર્વક આપી દેવી એ એની સેવા છે. એ વસ્તુ એવી હોવી જોઇએ કે જે મેળવ્યાથી તેનું હિત થાય.

બને ત્યાંસુધી સેવાને પ્રકટ ન થવા દો. પ્રકટ કરવાનો યત્ન પણ ન કરો. સેવા કરીને અભિમાન ન કરો. જેની સેવા કરતા હો તેના તરફથી કંઇ પણ આશા ન રાખો. એ મારો કૃતઘ્ની છે એવો વિચાર સ્વપ્નમાં પણ ન કરો, તેની ઉપર તમારો કોઇ પણ જાતનો અધિકાર ન માનો, તેના દોષ જોઇને ગભરાઓ નહિ. તેનાપર ગુસ્સો ન કરો, તેનો તિરસ્કાર ન કરો.

જેની સેવા કરી હોય તેના પર કોઇ જાતનો બોજો ન નાંખો. નહિંતો પછી તમારી સેવા સ્વીકારવામાં તેને સંકોચ થશે. તે ઉપરાંત તમારી જે સેવા તેણે સ્વીકારી હોય છે તેનો તેને પસ્તાવો થશે. જેથી તમારી સેવાનું મહત્ત્વ ચાલ્યું જશે, સેવા કરવાનો અવસર પ્રાપ્ત થતાં જ વિશેષ સમય અને શક્તિની પ્રતિક્ષા ન કરો. તે વખતે તમારામાં જે કાંઇ શક્તિ હોય તે અનુસાર સેવા કરો.

સઘળા પ્રાણી સેવાના અધિકારી છે, અને આવશ્યકતા મુજબ પ્રસન્નતા પૂર્વક સર્વની સેવા કરવી જોઇએ. પરંતુ વૃદ્ધોની, માતાપિતાની, ગુરૂની, સન્ત મહાત્માઓની, સદાચારી પુરૂષોની, વિધવા સ્રીની, અભાવગ્રસ્ત ગૃહસ્થોની,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીન દુઃખીયોની, રોગીઓની. અનાથ પ્રાણીઓની સેવા કરવી એ તો પરમ ધર્મ છે, એવી સેવા કરવાનો પ્રસંગ મળે ત્યારે પોતાના અહોભાગ્ય સમજવા જોઇએ અને યથાશક્તિ નિર્દોષ સેવા કરનાનું કદિપણ ન ચુકવું જોઇએ.

સેવાની આવશ્યકતા જણાય ત્યારે એમ ન વિચાર કરવા બેસો કે હું જેની સેવા કરૂં છું એ કોણ છે ? તે મારાથી જાતિમાં, વર્ણમાં, પદવીમાં, ઐશ્વર્યમાં કે ગૌરવમાં ઉંચો છે કે નીચો ? તેને પરમાત્મા સ્વરૂપ સમજીને સન્માન પૂર્વક સેવા કરો. આપણા સ્ત્રી કે બાળકોની તો વાત જ કયાં છે ? તેની સેવામાં તો યથાવશ્યક તૈયાર રહેવું જ જોઇએ. હંમેશાં આપણી સેવા કરનાર નોકરની સેવા કરવાનો પ્રસંગ મળે ત્યારે તેની સેવા પણ ઉત્સાહ પૂર્વક કરવી જોઇએ, તે એટલે સુધી કે ચમાર ભંગી વગેરે કોઇપણ જાતિનો કોઇપણ પરિચિત કે અપરિચિત મનુષ્ય હોય, પશુપક્ષી હોય, વિપત્તિમાં પડેલા કોઈપણ જીવની યોગ્ય સાધનો વડે સનમાનપૂર્વક સેવા કરવી એ ભગવાનની સેવા છે. જે મનુષ્ય સેવા કરવામાં અપમાન સમજે છે તે કદિપણ સેવાનું સુખ-આનંદ પામી શકતો નથી.

યાદ રાખો. ૪૯ દિવસોથી ભૂખ્યા રાજા રતિદેવને ખાવા માટે જે કાંઈ થોડું ઘણું મળ્યું હતું તે તેણે ભૂખ્યા તરસ્યા પ્રાણીઓના પ્રાણ બચાવવા માટે આપી દીધું હતું. તે પ્રાણીઓમાં બ્રાહ્મણ, ચંડાળ તથા કુતરા પણ હતા.

ગરીબ તેમજ દુઃખીઓની આજીવિકા ઓછી થાય અને તેઓનાં જીવનમાં દુઃખ વધે એવી કોઈ પણ પ્રકારની ચેષ્ટાનું પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ સમર્થન પણ ન કરો. એવી જ ચેષ્ટા કરો કે જેનાથી તેઓને પેટપુરણ અનાજ તથા જરૂર પુરતાં કપડાં મળી શકે અને રહેવાની જગ્યા મળે. આજકાલની સ્થિતિમાં એક માણસને ઓછામાં ઓછા ત્રણ આના હંમેશના મજુરીના મળવાજ જોઇએ. જે ગરીબોના પેટ ઉપર કાપ મુકીને એ પૈસાને દાન-ધર્મમાં લગાડીને ધર્મ-પુન્ય કરવા ઇચ્છે છે તે કદિપણ ધર્મ-પુન્ય ઉપાર્જન કરી શકતા નથી. તેનો એ દૂષિત ધનથી કરેલી સેવાથી ભગવાન કદિપણ પ્રસન્ન થઈ શકતા નથી. જે માણસ જેટલો વધારે દીન, દુઃખી, અનાથ, અનાશ્રમ, અભાવગ્રસ્ત, રોગી અથવા પીડાયલો હોય છે, તે તેટલીજ વધારે નમ્રતા, વિનય અને પ્રેમ ભરેલા વર્તનને અધિકારી હોય છે, એવા લોકોની સાથે ખુબ પ્રેમથી વર્તાવ કરો અને તેની પીડા ઓછી થાય એવા તન, મન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનથી યથાસાધ્ય પ્રયત્ન કરો. અને સાથે સાથે તમારા સુંદર વર્તાવથી તેને પણ ભગવાનના ભજનમાં લગાડો કે જે દુઃખોના નાશનો એક માત્ર ઉપાય છે.

કોઇપણ માણસની સેવા કરીને એમ ન માનવું કે મેં તેની ઉપર ઉપકાર કર્યો છે. ઉપકારની ભાવનામાં અભિમાન રહે છે અને અભિમાન સેવાની માત્રાને અને તેના મહત્ત્વને ઘટાડી દે છે. વિચાર કરીને એટલું તો જરૂર જુઓ કે મારાથી જે કાંઇ સેવા થઈ છે તેનાથી વધારે થઇ શકે એમ હતી કે નહિ અને તેમાં કયાંય સ્વાર્થ કે તિરસ્કારનો ભાવ તો નથી રહ્યો ને ? એવું કાંઇ હોય તો ભવિષ્ય માટે સાવધાન થઈ જાઓ.

કદર કરાવવા ખાતર સેવા ન કરો, પદ–પ્રાપ્તિ ખાતર સેવા ન કરો, માન–પ્રતિષ્ઠા મેળવવા માટે સેવા ન કરો, પરંતુ સેવા કરવામાં કદીપણ પાછી પાની ન કરો. ઉત્સાહપૂર્વક યથાશક્તિ સેવા કરવી તેને તમારો ધર્મ માનો. કોઈપણ માણસને પોતાનો અનુયાયી, શિષ્ય, સેવક, શાસ્ત્રીય અનુગામી, પૂજારી અથવા પક્ષપાતી બનાવવાની ઇચ્છાથી સેવા ન કરો. સેવા તો જરૂર કરો, પરંતુ કર્તવ્યબુદ્ધિથી જ કરો.

ઉદાસીનોની અપેક્ષાએ કામનાપૂર્વક સેવા કરનાર શ્રેષ્ઠ છે, તેના કરતાં નિષ્કામ સેવક શ્રેષ્ઠ છે અને સર્વોત્તમ તો તેઓ છે કે જેનો સ્વભાવ સેવા કરવાનો હોય છે.

સેવા એવા રૂપમાં કરો કે તેનો સ્વીકાર કરવામાં કોઇને જરાપણ સંકોચ ન થાય, બલ્કે તમારી સેવા સ્વીકારવી જ પડે. તમારા પ્રત્યે તેના હૃદયમાં આત્મીયતા વધે અને તમારા સદ્ગુણોને તે ગ્રહણ કરે. એમ થવામાં મુખ્ય વાત એ છે કે સેવા ગુપ્ત હોય, સેવા તેને જરૂર હોય તે જ વસ્તુદ્વારા કરવામાં આવે, પછી ભલેને તે ચીજ તમારી દૃષ્ટિમાં મામુલી હોય અને તમે તેને તેનાથી વધારે સારી વસ્તુ આપવા ઇચ્છતા હો. સેવાના બદલામાં તેના પર કોઇ જાતનો અધિકાર ન માનો, તેનું સન્માન કરો, સ્વાર્થ સાધવાની ભાવના પણ મનમાં ન આવવા દો અને બદલામાં કોઇ પણ જાતની સેવા ન કરાવો.

એક માણસ જે ગુપ્તરૂપે તમારી સેવા સ્વીકારી શકે છે તેને પ્રકાશમાં લાવવો તે સેવાધર્મની વિરૂદ્ધ છે.

તમને તમારી સેવાનું કશું ફળ નજરે ન દેખાય, તમે કોઇનું દુઃખ દૂર કરવાની યથાશકિત ચેષ્ટા કરી પરંતુ તેનું દુઃખ દૂર ન થયું તો તેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિમાં સેવાને વ્યર્થ ન સમજો. તમે તમારૂં કામ તો કરી લીધું, ફળ જે મળવાનું હશે તે મળશે. બીજી વખત વધારે ઉત્સાહથી સેવા કરો. ઉત્સાહની વૃદ્ધિને જ સેવાનું ફળ સમજો.

તમે કોઈને કાંઈ આપ્યું તે તેણે પોતાની પાસે ન રાખતાં બીજા કોઈને આપી દીધું અથવા તો ખોઈ નાખ્યું તો તેનાથી ક્ષોભ ન કરો. તમારી સેવા તો સાર્થક થઇ ગઇ. પછી તો તેના ઉપર તેનો અધિકાર છે. તે ગમે તેમ કરે અથવા તેનું ભાગ્ય તેનો ઉપયોગ તેને કરવા દે કે ન દે તેની ચિંતા ન કરો.

જેની સેવા કરવા અનેક લોકો તૈયાર હોય છે તેમાં તમે સામેલ ન થાઓ. જેની સેવા કરનાર કોઇ ન હોય ત્યાં જ તમારી કરવાનું સેવા ભગવાન કહે છે. તેની જ સેવા કરો.

જ્યાં યત્નનો અભાવ હોય છે ત્યાં તમારી સેવા જરૂરી છે, જ્યાં જળનો અભાવ હોય છે ત્યાં જળદ્વારા, જ્યાં વસ્ત્રનો અભાવ હોય છે ત્યાં વસ્ત્રદ્વારા અને જ્યાં આશ્રયનો અભાવ હોય છે ત્યાં આશ્રયદ્વારા તમારી સેવા ચાહે છે.

કોઇ શુભ વ્રતધારીને વ્રતની રક્ષામાં સહાયતા કરવી, તેની વ્રતરક્ષાને અનુકૂળ સ્થિતિ ઉત્પન્ન કરવી, તે પણ તેની સેવા કરવા બરોબર છે, તેનાથી ઉલ્ટું સ્નેહ કે મોહવશ થઈને તેને સુખ આપવા ખાતર તેની એવી સેવા કરવી કે જેનાથી તેના વ્રતનો ભંગ થવાનો સંભવ હોય છે તે સેવાનો દુરૂપયોગ ગણાય છે.

સેવામાં ત્યાગની આવશ્યકતા છે અને ત્યાગ માટે ઇન્દ્રિય સંયમની ખાસ આવશ્યકતા છે. જેની ઇન્દ્રિયો વશ નથી હોતી તે સેવા નથી કરી શકતો.

કોઇનું પણ અપમાન ન કરવું એ એની સેવા કરવા બરાબર છે. પોતાની જાતને કામ, ક્રોધ, લોભ, વૈર, વિરોધ, અભિમાન અને મોહથી બચાવી રાખવી એ પણ જગતની મહાન્ સેવા છે.

આપણા ગરીબ આડોશીપાડોશીઓની, નોકર ચાકરોની, બચ્ચાંઓની અને ગરીબોની વાતો જે તમને આગ્રહથી સંભળાવવા ઇચ્છતા હોય તે સાંભળી લ્યો, તેનો તિરસ્કાર ન કરો અને બને ત્યાં સુધી તેઓની વ્યાજબી માગણીઓ પૂરી કરવાની સાહૃદયતાપૂર્વક ચેષ્ટા કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે ત્યાં કોઇ ઉત્સવ અથવા મોટા સમારંભ વખતે આડોશીપાડોશી-ઓને, નોકરોને તથા મજુરોને કોઇપણ જાતનું શારીરિક કે આર્થિક નુકશાન ન થાય એ વાતનો ખાસ ખ્યાલ રાખો. એ પણ ખ્યાલ રાખો કે તમારી સેવા કરનાર નોકરો કે મજુરોની ઉન્નતિનો માર્ગ હમેશાં ખુલ્લો રહે.

રસ્તો ભૂલેલાને સહૃદયતાપૂર્વક તેની સાથે જઇને રસ્તો દેખાડવો એ પણ સેવા જ છે.

એવી કોઇ પણ વાત મ્હોંમાંથી ન કાઢો કે જેમાંથી કોઇને શરમાવું પડે અને તમારે સંકોચાવું પડે.

બીજાના દોષો દૂર કરવા માટે જ જુઓ, પ્રકટ કરીને તેનું બદનામ કરવા માટે અથવા તેને હલકો પાડવા માટે નહિ. અને તે દોષો દૂર કરવાની ચેષ્ટા એવી રીતે કરો જેવી રીતે આપણા પોતાના દોષ દૂર કરવાની ચેષ્ટા કરીએ.

જે પુરૂષ સેવા કરાવવાથી દુઃખી થાય છે તેની સેવા કેવળ મનથી કરો. ધન કે તનથી તેની સેવા ન કરવી એ જ એની સેવા કરવા બરાબર છે.

સેવાના બદલામાં સેવા કરવાની શકિતની જ વૃદ્ધિ ઇચ્છો, તે પણ મુંગે મોઢે પરમાત્મા તરફથી જ અને તેમાં પણ કયાંય કોઇપણ પ્રકારનું અભિમાન કે આસક્તિને ચિત્તમાં ન આવવા દો.

સેવા કરવાનો અવસર આવતાં સર્વસ્વ આપીને પણ સેવા કરવાનુ ન ચુકો.

જો તમારી કરેલ સેવાનું શ્રેય કોઇ બીજાને મળતું હોય, તમારે બદલે બીજાનું નામ લેવાતું હોય તો પણ પ્રસન્ન થાઓ. મનમાં બળો નહિ તેમજ એ રહસ્ય ખુલ્લું કરવાની ચેષ્ટા ન કરો કે અમે સેવા કરી છે. તમારૂં સાચું શ્રેય એમાં જ છે. સમજવા વગર સેવાના નામે એવી કોઇ પણ ચેષ્ટા ન કરો જેનાથી તેનું સંકટ વધી જાય. એવી અવસ્થામાં કેવળ હૃદયની સાચી સહાનુભૂતિથી જ તેની સેવા કરો.

પોતાની જાતને સેવા કરાવવાના અધિકારી કદી પણ ન સમજો અને કોઇ બીજાને તમારો સેવક ન સમજો. જરૂર પડતાં કોઇ બીજાની પ્રસન્નતા ખાતર તેની નિર્દોષ સેવા સ્વીકારવી જ પડે તો સંકોચપૂર્વક સ્વીકારી લ્યો, કેમકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

આ માસની શુદિ ૧, ૨, ૩ તા. ૨૦-૨૧-૨૨ ના રોજ અમદાવાદખાતે જૈન યુવક-પરિષદનું બીજું અધિવેશન મળ્યું હતું જેના સ્વાગત કમીટીના પ્રમુખ પંડિતજી સુખલાલજી હતા. પરિષદના પ્રમુખ શ્રી પરમાણંદાસ કુંવરજી કાપડીયા હતા. પરિષદમાં કુલે પંદર ઠરાવો થયા હતા.

એટલું તો ચોક્કસ છે કે વર્તમાનકાળે દરેક સમાજ, ધર્મ અને જ્ઞાતિઓની ભાવિ પ્રગતિ થવા કંઇક સુધારો-પરિવર્તન માંગે છે, દરેક કાળ કે જમાનામાં તે તે સમાજના ધર્મગુરૂઓ કે આગેવાનોએ તે માટે પ્રયત્નો કરેલા ઇતિહાસ જણાવે છે. આજે જૈન સમાજ તંદુરસ્તી, કેળવણી, વ્યાપાર અને ધર્મમાં કેટલો પચ્છાત પડી ગયો છે તે દેખાય છે. આવા સમયે ધર્મ માટે ધર્મગુરૂઓએ તેમજ વ્યવહાર માટે સમાજના આગેવાન શ્રીમંત અને વિદ્વાન પુરૂષોએ સાથે મળી પાછળ હઠતી કોમની સ્થિતિ માટે કંઇક કરવું

---

કોઇવાર અનિચ્છાપૂર્વક સેવા કરાવવી તે પણ સેવા જ છે; પરંતુ તેમાં આરામ માનીને પ્રસન્ન ન થાઓ. નહિ તો સેવા કરાવવાની ટેવ પડી જશે જે તમને સેવા કરાવવાના લાભથી વંચિત કરી શકશે.

જે માણુસદ્વારા તમારી કોઇ પણ કારણવશાત્ કોઇપણ વખતે કાંઇ-પણ સેવા થઇ હોય તેનો ઉપકાર માનો અને તમારી શકિત અનુસાર કૃત-જ્ઞતાપૂર્વક તેનું હિત કરવાની નિર્દોષ ચેષ્ટા કરો.

સેવા કરાવવા ન ઇચ્છનાર જે મહાત્માઓએ તમારા આગ્રહને વશ થઇને તમારી સેવા સ્વીકારીને પોતાનું વ્રત શિથિલ કર્યું હોય તેનો તમારી ઉપર મહાન ઉપકાર માનો.

કોઇપણ માણુસના પાપ પ્રકટ ન કરવા અને આપણા પ્રેમબળથી તેને પાપમાર્ગથી હઠાવી દેવો તે તેની સેવા કરવા બરાબર છે.

સેવાની કસોટી છે, જે સેવા કર્યા બાદ ચિત્તમાં પસ્તાવો, દુઃખ, અભિ-માન, બળતરા, દ્વેષ અને નિરાશા થાય તથા સેવા કરવાથી ચિત્ત પાછું હઠે તો નિશ્ચય માનો કે તે સેવામાં કાંઇ ને કાંઇ દોષ રહેલો છે-જે સેવાથી પ્રસન્નતા થાય, સુખ થાય, નમ્રતા આવે, શાંતિ થાય, પ્રેમની વૃદ્ધિ થાય, ઉત્સાહ થાય, સેવા કરવાની શક્તિ વધે તો માનો કે સેવા બરાબર થઇ છે.

સેવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે અને શુદ્ધ અંતઃકરણથી જ શુદ્ધ અને સાચી સેવા કરી શકાય છે. ( ચાલુ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઈએ, પરંતુ સાધુ સંસ્થા તેમજ સંઘ સંસ્થા વગેરેમાંના અંદર-અંદરના કુસંપોને લઈને જ્યારે કંઈ નથી થઈ શકતું, તેમજ હવે આપણી સમાજ પણ સુધારણા-પરિવર્તન માંગે છે ત્યારે જ સમાજમાંથી કુદરતી રીતે યુવક વર્ગ ઊભો થયો છે. જો કે અત્યારે ક્રાન્તિકારી જમાનો તો ચાલે છે તેમાં આવી પરિષદ્ પણ તેવી ચળવળ ચલાવે તે બનવાજોગ છે. એટલું તો ચોક્કસ છે કે ધર્મની હદમાં રહી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો વિચાર કરી, સમાજની નાડ પારખી, તે કેટલું ઝીલી શકે તેમ છે તેમજ કેટલો ફેરફાર કરવા તૈયાર થયો છે તેટલું સમજી વિચારી, અનુભવી, યુવકો કાર્ય કરશે તો ભવિષ્યમાં તેઓ યોગ્ય સુધારો કે પરિવર્તન કરી-કરાવી શકશે કે જે જરૂરી છે. પરિષદોના ઠરાવ કે ભાષણોમાં જેમ કલેશવાળું કે આક્ષેપ વગેરે ન જોઈએ તેમ પરિષદ્‌માં થયેલા ઠરાવોનો સક્રિય અમલ કરવા કરાવવા યુવકોને ઘણો અનેક જાતનો ભોગ પણ આપવો જોઈશે જ; કારણ કે આ પણ સમાજસેવાનું કાર્ય છે. ઉપર્યુક્ત પ્રમાણે જો વિચાર કરી યુવકો પરિષદો ભરે, ભાષણો કરે કે કાર્ય કરે અને તેથી સમાજ કે સમાજની અંદરની વ્યક્તિઓ ભડકે, ગાળો દે કે ગેરવ્યાજબી અટકાયતો કરે તો પણ યુવકોએ તે જાતની સેવા કરતા શાંતિ રાખવી, ડરવાનું નથી. ખરા હૃદયની શાંતિપૂર્વક અને સેવાભાવથી કરેલ સમાજસેવા છેવટે આત્મકલ્યાણ તરફ લઈ જાય છે. આત્મકલ્યાણ ખરેખર થઈ શકે તેવી જ સેવા કરવા આ જૈન યુવક પરિષદ્ ભાવીમાં પ્રગતિ કરે તેવું અમો ઇચ્છીયે છીયે. સ્વાગત્ કમીટીના પ્રમુખ પંડિતજી સુખલાલજીનું ભાષણ પ્રૌઢ વિચારયુક્ત, મનનીય અને યુવકોને ક્રાન્તિ-સમાજ સુધારણા માટે પ્રેરણાદર્શક-માર્ગસુચક વિદ્વત્તાભર્યું હતું. ક્રાન્તિ માટે બતાવેલ માર્ગ અમોને ઘણેઅંશે યોગ્ય લાગ્યો છે. સાધુસંસ્થા અનુપયોગી માનનારને, તીર્થો અને મંદિરોના વિરોધીઓને અને શાસ્ત્રો અને આગમોના બંધનોને આ સમયે નકામા માનનારાઓને તેઓની માન્યતા તદ્દન અયોગ્ય છે, તેમ પંડિતજી સુખલાલજીએ દલીલપૂર્વક અનુભવપૂર્ણ દાખલા સાથે સચોટ અને સ્પષ્ટ રીતે પોતાના ભાષણમાં જણાવ્યું છે તે વસ્તુ તો ખાસ મનનીય હોઇ સમાજ માટે તેની અતિ ઉપયોગિતા જણાવી છે જે ખરેખર યોગ્ય છે. યુવકો માટે ૧ નિવૃત્તિલક્ષી પ્રવૃત્તિ, ૨ નિર્મોહ કર્મયોગ અને ૧ વિવેક ક્રિયાશીલતા એ ત્રિલક્ષી પણ કેટલેક અંશે સમજવા અને વિચારવા યોગ્ય છે. ક્રાન્તિ એ વસ્તુ માત્ર માટે અનિવાર્ય સ્વભાવ જણાવી તે ક્રાન્તિ બુદ્ધિપૂર્વક ચલાવવા જણાવેલ માર્ગ પણ વિચારણીય છે.

સાધુ પક્ષમાં સુધારવા કે કહેવા જેવું કાંઇ નથી એવું માનનાર બીજા પક્ષ માટે પંડિતજીએ વિવેક અને દલીલપૂર્વક પ્રશ્નો પૂછી તેમાં કેટલી સુધારણા માંગે છે તે પણ સ્પષ્ટ સમજાવ્યું છે. છેવટે બંને પક્ષોએ મર્યાદામાં રહી વિવેકપૂર્વક વિચાર કરવા કરેલ સુચના યથાયોગ્ય છે, છેવટે પરિષદ્‌ને પોતાની મર્યાદાનો વિચાર કરી તેને અમલમાં મૂકવા, પરિષદના કાર્યોનું વ્યવસ્થિત સંચાલન કરવા, કર્તવ્યોને અમલમાં મુકવા વગેરે માટે યુવકોને જણાવી પોતાનું ભાષણ સમાપ્ત કર્યું હતું.

પરિષદના પ્રમુખ શ્રી પરમાણંદદાસ કાપડીયાનું ભાષણ ઘણું લાંબું અને ઘણું ઉદ્દામ હતું. તેઓ રાષ્ટ્રીયતાના હિમાયતી હોવાથી ધર્મ અને સમાજ કરતાં તેમને ઉપયોગી લાગવાથી રાષ્ટ્રીયતાને વધારે મહત્ત્વતા આપે છે તેમના ભાષણમાં આખો દેશ કયાં જઇ

For Private And Personal Use Only

રહ્યો છે તે જણાવી રાષ્ટ્રીય મહાસભા પ્રત્યે વફાદારી અસ્પૃશ્યતા નિવારણ અને આગામી સ્વરાજ્યની કલ્પના માટે વિચારો પ્રથમ જણાવ્યા છે દેશની સર્વ પ્રજાને સ્વરાજ્ય પ્રાપ્તિ આવશ્યક હોવા છતાં જૈન સમાજની સુધારણા, પરિવર્તન કે સમાજની પુનર્ઘટના કે જેની જરૂર ઊભી થઇ છે અને જૈન યુવકો માગે છે તેની સાથે રાષ્ટ્રીય મહાસભાનો કાર્યક્રમ કે જોડાણ કે સંબંધ જૈન સમાજે શી રીતે યોજવો-જોડવો તે માટે તેમના ભાષણમાં કંઇ સૂચન નથી. એ પ્રશ્નો એવી જાતના છે કે કોઇ પણ ધર્મ માટે તે તેના ઉપાયો સૂચવી શકે જ નહિં; કારણ કે રાષ્ટ્રીય સુધારણા અને ધાર્મિક પરિવર્તન, સુધારણાના માર્ગો, કાર્યો અને વ્યવહારો ઘણે અંશે જુદા જુદા છે. જો કે શ્રીયુત પરમાણંદદાસ કાપડિયા કેટલીક બાબતમાં પોતાના માનેલા વિચારોનો અમલ પોતે કરી બતાવે તેવા ખરા પરંતુ સમાજ સુધારણા માટે તેવા યુવકો તૈયાર થયેલા હજી અલ્પ છે. એટલું તો ચોક્કસ છે કે પંડિતજી શ્રી સુખલાલજીના કહેવા પ્રમાણે સમાજ મર્યાદામાં રહી જેટલું બોલવા, લખવા કે કાર્ય કરવામાં આવે અને તેથી જેટલું વહેલું પરિવર્તન કરાવી શકાય છે તેટલું ઊગ્રતા, ભડકાવનારા લખાણ કે ભાષણ કે કાર્યક્રમથી થતું નથી. શાસ્ત્રો, ક્રિયાવિધિ, એકમાંથી બીજામાં પૈસાનો વ્યય, કે તેનું પરિવર્તન કાર્ય જેમાં શાસ્ત્ર ના પાડતું હોય તેવા કાર્યો સમાજમાં કરાવવાનું કાર્ય સહેલું નથી. માટે શાસ્ત્રપ્રમાણ, વિદ્વાન મુનિઓ સાથે વિચારણા, બુદ્ધિશાળી વિદ્વાનો સાથે બેસી વિચાર કરવો, તે માટેનું પ્રચારકાર્ય ને ઉપરોક્ત બાબતમાં કેટલું પરિવર્તન થઇ શકે ? કેટલી સુધારણા થવી યોગ્ય છે ? તેનો વિચાર તે રીતે થાય તો તે કાર્યો માટે અમો એમ માનીયે છીયે કે જરૂરી સુધારણા જલદી થઇ શકશે: બાકી તે સિવાય આવા કાર્યોની સુધારણા બીજી રીતે કરવા જતાં કલેશ, દ્વેષ વધે એમ અમો માનીયે છીયે. શ્રી પરમાણંદદાસ કાપડીયાના બેકારી અટકાવવા માટે સમાજમાં ઉદ્યોગ હુન્નર દાખલ કરવા માટે તેમજ બાળલગ્ન, વૃદ્ધલગ્ન અટકે તેવા ઉપાયો યોજવા વગેરે માટેની સૂચના અને કર્તવ્યદિશા જે બતાવી છે તે આવશ્યક, ઉપયોગી અને જલદી તે વસ્તુ સમાજે વધાવી લેવા જેવી છે. શ્રી પરમાણંદદાસ કાપડીયાના ભાષણમાં કેટલા વિચ્ચારો એવા છે કે તે માંહેના કેટલાક અવશ્ય સુધારણા માગે છે, કે જે સમાજે વિચારવા જેવું છે. શું અને કેટલું પરિવર્તન અત્યારે શકય અને જરૂરનું છે તેનો વિચાર જો સમાજ હવે પછી જલદી નહિં કરે તો કાં તો આવો યુવક વર્ગ કરાવશે અથવા તેમ નહિં થાય તો છેવટે કાળ તો કાળનું કામ કરે છે જેથી કુદરત કરાવશે. તે પહેલાં સમાજે ચેતી જઇ પરિવર્તન કરવા જેવું હોય તે કરવા જરૂર છે. "A"

---

## સુધારો.

ગયા અંકમાં પાછળ આ સભાનો રિપોર્ટ આપવામાં આવેલ છે તેના બારમા પેજમાં શ્રીઆત્માનંદ પ્રકાશના ખાતામાં નીચે પ્રમાણે અશુદ્ધ રહેલ સાથેના શુદ્ધિ પ્રમાણે વાંચવું-

અશુદ્ધ શુદ્ધ

ઉધાર પોસ્ટ ખર્ચ રૂા. ૧૪પાા૦ાા ને બદલે રૂા. ૧૮ાાા≈ બંને બાજુનો સરવાળો રૂા. ૧૩૬ાા≈ ને બદલે રૂા. ૧૩૬ા૭)≈ પ્રમાણે વાંચવું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧ **શ્રી આદર્શોપાધ્યાય**—પ્રકાશક શ્રી આત્માનંદ **જૈન** મહાસભા, પંજાબ–અંબાલા. **આ** બુકમાં ઉપાધ્યાય શ્રી સોહનવિજયજીનું જીવનવૃત્તાંત આપવામાં આવેલું છે. **એમનો** જન્મ **કાશ્મીર** જંબુમાં સં. ૧૯૩૮ ની સાલમાં થયો હતો. બાવીશમે વર્ષે સ્થાનકવાસી દીક્ષા લીધા પછી થોડા વખત પછી તે **સંપ્રદાયનો** વેશ છોડી અંબાલા **આચાર્ય** શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી**ના ચરણોમાં હાજર થયા. તેઓશ્રીએ તેમના વિદ્વાન શિષ્યશ્રી વિજયલલિતસૂરિજી પાસે પાટણ મોકલ્યા. ત્યાં અભ્યાસ કર્યો. પછી સં. ૧૯૬૧ ના વૈશાક માસમાં શ્રી લલિતવિજયજી મહારાજે દીક્ષા આપી. સંસારમાં હતા ત્યારે હિંદી, ઉર્દુ અને ઇંગ્રેજી ભાષાનો અભ્યાસ કરેલો હતો. જીવનપર્યંત નિરતિચાર ચારિત્ર પણ પાળ્યું હતું. સાધુતાની આદર્શ મૂર્તિસમા પરમગુરૂભક્ત ત્યાગમય જીવન, દેશ, જાતિ, સમાજ અને ધર્મની ઉન્નતિ માટે જીવન પર્યંત ઉદ્યમવંત હતા. ઉગ્ર સહનશીલતા, તીવ્ર વૈરાગ્ય, ઉત્કૃષ્ટ બ્રહ્મચર્ય અને મુખ ઉપર સંયમનું તેજ ચળકતું હતું. આજે સ્વર્ગવાસી થયાને શુમારે દશ વર્ષ થયા છતાં જેમને ઉક્ત ઉપાધ્યાય મહારાજનો પરિચય થયેલ છે તેઓ એક આદર્શ સાધુ તરીકે યાદ કરે છે. આખું જીવનવૃત્તાંત આદર્શપણાથી ભરપૂર અને પઠન–પાઠન કરનારને અનુકરણીય થઇ પડે તેમ છે. સર્વને વાંચવાની ભલામણ કરીયે છીયે. કિંમત આઠ આના. પ્રકાશકને ત્યાંથી મળશે.

## અમારો આનંદ.

શ્રાદ્ધગુણવર્ય **જૈન**કુળભૂષણ ઉદારનરરત્ન, શેઠ **સાહેબ ચંદુલાલભાઇ સારાભાઈ** બી. **એ.** જેમને લક્ષ્મી સાથે **સરસ્વતીનો** યોગ **સંપાદન થયો** છે અને **એક સાચા** આબરૂદાર વ્યાપારી, જૈન ગૃહસ્થ, દેવ–ગુરૂ–ધર્મના ઉપાસક, કેળવણીપ્રિય અને ધાર્મિક વ્યવહારિક અનેક ખાતામાં સમજીને સખાવત કરનાર અજોડ મનુષ્ય છે. તેઓશ્રી આ સભાની કાર્યવાહી જોઈ આનંદપૂર્વક સાહિત્ય પ્રકાશન વગેરેથી ખુશી થઈ મુરબ્બીપણાનું માનવંતું પદ સ્વીકારી આ સભાના પેટ્રન (મુરબ્બી) થયા છે જે માટે તેઓનો આભાર માનવામાં આવે છે.

કલકત્તાનિવાસી, બેંગાલ ઇલાકાના અગ્રગણ્ય **જૈન**કુળભૂષણ જમીનદાર તે ઇલાકાના રાજ્ય, પ્રજા અને જૈન સમાજના સન્માનીય **બાબુસાહેબ રાજેન્દ્રસિંહજી સિંઘિ સાહેબ** પોલાન્ડ કોન્સલ નીમાયા છે, જે **જૈન** કોમ માટે **પ્રથમ** અને માનનીય નિમણુક હોઇ જૈન સમાજે મગરૂર થવા જેવું છે. અમો તે માટે તેઓ સાહેબને મુબારકબાદી આપીયે છીયે અને અમારો હાર્દિક આનંદ જાહેર કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૨ શાંત સુધારસ**—અનુવાદક અને વિવેચક સ્વ૦ **મનઃસુખભાઈ** કીરતચંદ મહેતા. **શ્રી** વિનયવિજયજી મહારાજકૃત. આ અધ્યાત્મના અપૂર્વ ગ્રંથનું વિદ્વત્તાભરી રીતે વિવેચન, અનુવાદક મહાશયે કર્યું છે. સ્વ૦ મનઃસુખભાઈનો ધર્મરાગ ધાર્મિક અભ્યાસ સુંદર હતો, તેઓ વિચારક, લેખક, અને તેઓ જૈન ધર્મના એક ખરેખરા વિદ્વાન અને સાહિત્યના ઉપાસક હતા, તેમના હાથે લખાયેલ આ અનુવાદ પઠનપાઠન માટે ઉપયોગી બને તે સ્વાભાવિક છે. ગ્રંથની શરૂઆતમાં મુખમુદ્રા અને ઉપોદ્ઘાત વાંચવાથી ગ્રંથની મહત્ત્વતા જાણી શકાય છે. દરેકને વાંચવાની ભલામણ કરીએ છીએ. પ્રકાશક ડોકટર ભગવાનદાસ મનસુખલાલ મુંબઇ. આ ગ્રંથ પ્રકટ કરી પુત્ર તરીકેની પિતા પ્રત્યે ફરજ બજાવી છે. સારા કાગળ, સુંદર ટાઇપ અને મજબૂત કપડાના બાઈંડીંગથી આ ગ્રંથ અલંકૃત કરેલો હોવાથી કિંમત બાર આના અલ્પ કહેવાય. મળવાનું સ્થળ મુંબઇ ગામદેવી–પ્રકાશકને ત્યાંથી—

**૩ સર્વાર્થસિદ્ધિ**—હિંદી કાવ્ય ગ્રંથનો પ્રથમ ભાગ વૈદ્ય કવિ **દુર્લભશ્યામજી ધ્રુવરચિત**—જુદા જુદા વિષયો ઉપર કાવ્યો કરી તેને આ ગ્રંથમાં પ્રગટ કરવામાં આવેલ છે. વૈદ્ય કવિ દુર્લભજીભાઇ પ્રખ્યાત કવિ અને વૈદ્ય હતા. સાહિત્યમાં ઘણો રસ લેતા. ઘણા લેખો, નિબંધો, કવિતાઓ તેમણે બનાવેલ હતી. આ ગ્રંથમાં આવેલ કવિતા હિંદીમાં હોવા છતાં રચના સરલ, અને ભાવવાહી છે. કિંમત બે રૂપીયા કાંઈ વિશેષ છે. મળવાનું સ્થળ ચૌપાટી મુંબઈ જેઠાભાઇ ગોવીંદજી બીલ્ડીંગ નં. ૭.

**૪ સત્યાર્થ પ્રકાશ**—સ્વામી શ્રી દયાનંદ સરસ્વતીજીવિરચિત–પ્રકાશક આર્ય સાહિત્ય મંડલ લીમીટેડ–**અજમેર**. કિંમત સાડાચાર આના. આ બુક ભાવનગર આર્યસમાજ શાખા ઓફીસ ભાવનગર મામાના કોઠા તેના મંત્રી ઓધવજી કાળીદાસ પારેખ તરફથી ભેટ મળી છે, તે ઉપકાર સાથે સ્વીકારીએ છીએ.

## બાબુસાહેબ પુરણચંદ્રજી નહારનો સ્વર્ગવાસ.

કલકત્તાનિવાસી **બાબૂ પુરણચંદજી નહાર** થોડા દિવસની બીમારી ભોગવી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ શ્રીમંત હોવા સાથે વિદ્વાન પણ હતા, જેને લઇને તેઓની બંને પ્રકારની ખ્યાતિ વિશેષ હતી. બેંગાલના જૈનોમાં પહેલવહેલા ગ્રેજ્યુએટ અને ધારાશાસ્ત્રી તેઓ હતા. જૈનોમાં આગેવાન હોવા સાથે અનેક ધાર્મિક ખાતાના વહિવટકર્તા તરીકે તેમની સારી ગણના થતી હતી. મર્હુમને પુરાણી વસ્તુઓ જેવા કે શિલાલેખ, તામ્રલેખ, પુરાણાચિત્ર અને પ્રતિમાજીઓ ઉપરના લેખો વિગેરે ના ખાસ સંશોધક અને સંગ્રાહક હતા અને જેને લઇને તે વિષેના કેટલાક ગ્રંથો અને નિબંધો પ્રગટ કર્યા છે જે ઘણા મહત્ત્વના ગણાય છે. તેઓ સાદા ભદ્રિક પરિણામવાળા, શ્રદ્ધાળુ અને સજ્જન પુરૂષ હતા. તેઓ પોતાને ત્યાં પણ એક સારી લાઇબ્રેરી કરી શકયા હતા. આવા એક જૈન સમાજના નરરત્નનો સ્વર્ગવાસ થવાથી જૈન સમાજમાં તેમની ખરેખરી ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ થાઓ તેમ પ્રાર્થના કરીએ છીએ અને તેમના સમગ્ર કુટુંબને દિલાસો આપીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વીશ સ્થાનક તપ પૂજા ( અર્થ સાથે. )

## ( વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત. )

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળ વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રકટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરનાર મહાન તપ છે. તેનું આરાધન કરનાર બ્હેન તથા બંધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે તેમ કોઇ અત્યાર સુધી જાણતું પણ નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી, પ્રાચીન ઘણી જ જૂની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો બ્લોક કરાવી તે મંડળ પણ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે. આ એક અમૂલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃ-કાળમાં દર્શન કરવા લાયક ચીજ છે.

ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઈપમાં છપાવી સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે છતાં કિંમત બાર આના માત્ર રાખવામાં આવેલી છે. પોસ્ટેજ જુદું.

## શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( મૂળ દશે પર્વો ) પ્રત તથા બુકાકારે. ( નિર્ણયસાગર પ્રેસમાં )

૨ ધાતુપારાયણ.

૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત )

પ્રાકૃત વ્યાકરણ ઢુણ્ઢિકાવૃતિ.

શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( પ્રથમપર્વ ) તૈયાર થઇ ગયું છે. ( બુક કારે તથા પ્રતાકારે ) બાઇંડીંગ થાય છે, આવતા માસમાં પ્રગટ થશે. કિંમત રૂા. ૧-૮-૦ ( પોસ્ટેજ જુદું )

## શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

### શ્રી પૂર્વાચાર્યના મૂળ ગ્રંથનું શુદ્ધ અને સરલ ભાષાંતર

### ( છપાય છે )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટુંકા, અતિ મનોહર અને બાળજીવો સર-લતાથી તરતજ ગ્રહણ કરી શકે બલ્કે કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, સરલ સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે. જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે, **મદદની જરૂર છે. આર્થિક સહાય આપનારની ઇચ્છા મુજબ અલ્પ કિંમતથી કે વિના મૂલ્યે સભાના ધારા પ્રમાણે ભેટ પણ આપી શકાશે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## અમારૂં પ્રકાશન ખાતું.

### છપાયેલા ગ્રંથો. ( મૂળ )

૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ-પ્રથમ અંશ. રૂા. ૩-૮-૦
૨ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ-દ્વિતીય અંશ. રૂા ૩-૮-૦
૩ શ્રી બૃહત્કલ્પસૂત્ર પ્રથમ ભાગ. રૂા. ૪-૦-૦
૪ શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ભાગ. રૂા. ૬-૦-૦
૫ શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ ( શુદ્ધ ) રૂા ૨-૦-૦

### છપાતાં ગ્રંથો.

૬ શ્રી વસુદેવહિંડિ ત્રીજો ભાગ. ૭ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.
૮ શ્રી ગુણચંદ્રસૂરિકૃત શ્રી મહાવીર ચરિત્ર. ભાષાંતર

### ગુજરાતી ગ્રંથો.

૧ શ્રી સામાયિક સૂત્ર, મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂા. ૦-૨-૬
૨ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, રૂા. ૦-૧૦-૦
૩ શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળા ( શ્રી જૈન એજ્યુકેશનબોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ) રૂા. ૧-૪-૦ રૂા. ૧-૧૨-૦.
૪ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ. રૂા. ૦-૨-૦
૫ શ્રી શત્રુંજય તીર્થ વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ. રૂા ૦-૪-૦

### શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝ,

૧ શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્ર મૂળ. ૦-૨-૦
૨ પ્રાકૃતવ્યાકરણ ( અષ્ટમાધ્યાય સૂત્રપાઠ ). ૦-૬-૦
૩ શ્રી વીતરાગ-મહાદેવ સ્તોત્ર મૂળ સાથે ભાષાંતર. ૦-૪-૦
૪ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( શ્રી આત્મારામજી મહારાજ ) નું જીવનચરિત્ર ૦-૮-૦
૫ શ્રી નવસ્મરણાદિ સ્તોત્રસન્દોહ ૦-૪-૦
૬ ચારિત્રપૂજા, પંચતીર્થપૂજા, શ્રી પંચપરમેષ્ઠી પૂજા (ગુજરાતી અક્ષરમાં) ૦-૩-૦
૭ શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર ( પ્રત તથા બુકાકારે ) રૂા. ૧-૮-૦

### છપાતાં ગ્રંથો.

૮ શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર ( મૂળ દશ પર્વ ) પ્રત તથા બુકાકારે ( નિર્ણયસાગર પ્રેસમાં )
૯ ધાતુપારાયણ
૧૦ શ્રી વૈરાગ્યકલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત )
પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકાવૃત્તિ.

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only